RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

સાંધ્ય દૈનિક

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

Year : 14, Issue : 323, Dt.06-03-2024 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# અમદાવાદ-મહેસાણા સહિત ૭ રાજ્યોમાં NIAના દરોડા




## બેંગ્લોરની જેલમાં રહેલાં એક ત્રાસવાદીએ અનેક લોકોને કટ્ટરવાદી બનાવવાના કરેલાં પ્રયાસ બાદ એનઆઈએ એકશનમાં આવી: અગાઉ બેંગ્લોર પોલીસે કરેલી તપાસમાં ૭ પિસ્તોલ, ૪ હેન્ડ ગ્રેનેડ સહિત ૪૫ જીવતા કારતુસ ઝડપાયા હતા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

બેંગ્લુરુમાં એક કેફેમાં થયેલા બોમ્બ વિસ્ફોટના પગલે નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સીએ શરુ કરેલી તપાસમાં આજે એનઆઈએની ટીમે ગુજરાત સહિત દેશના સાત રાજયોમાં ૧૭ સ્થળોએ દરોડા શરુ કર્યા છે. બેંગ્લોરની જેલમાં બંધ લશ્કરે તોયબાના એક ત્રાસવાદી ટીનસીર દ્વારા જેલમાં અનેક લોકોને કટ્ટરવાદી બનાવવાના થયેલા પ્રયાસ બાદ એનઆઈએ એકશનમાં આવી છે અને આ કેદી પાસેથી મળેલી બાતમીના આધારે આ દરોડા શરુ કર્યા છે.

અગાઉ બેંગ્લોર પોલીસે કરેલી તપાસમાં સાત પિસ્તોલ, ચાર હેન્ડગ્રેનેડ, કારતૂસોનું એક મેગેઝીન ઉપરાંત ૪૫ જીવતા કારતૂસ અને ચાર હોકીટોકી ઝડપી લીધા હતા અને બાદમાં આ સમગ્ર તપાસ એનઆઈએને સોંપવામાં આવી હતી. જો કે શુક્રવારે બેંગલુરુમાં એક કાફેમાં થયેલા બોમ્બ ધડાકાના સંદર્ભમાં આ દરોડા પાડવામાં આવી રહ્યા છે કે કેમ તે હજુ સ્પષ્ટ નથી.


પરંતુ નશીરના કોન્ટેકટમાં આવેલા સૈયદ સુહેલખાન, મહમદ ઉમર, ઝાહીદ તરબીઝ, સૈયદ મુદશીર તાસા તેમજ મહમદ ફૈઝલ રબ્બાની જેઓ શકમંદ છે તે તમામ નશીદના કોન્ટેકટમાં આવ્યા હતા અને તેમાં અલગ અલગ જેલમાં રહેલા અને અન્ય રાજયોમાં રહેતા આ તમામની તપાસ શરુ કરવામાં આવી છે.ઉપરાંત દેશની અન્ય જેલોમાં પણ રાખવામાં આવેલા ત્રાસવાદીઓએ કટ્ટરવાદી પ્રવૃતિ અને બ્રેઈનવોશીંગ કર્યુ હોવાના અહેવાલ મળ્યા હતા. જુલાઈમાં જે રીતે શસ્ત્રો અને વિસ્ફોટકો પકડાયા તે એક મોટા ત્રાસવાદી હુમલાને નિષ્ફળ બનાવાયો હતો.

પરંતુ જેલમાં જ આતંકી પ્રવૃતિને ઉતેજન મળે તેવી ગતિવિધિ ચાલતી હોવાના અહેવાલ બાદ આ દરોડા શરુ કરાયા છે. જેમાં ગુજરાતનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત તામિલનાડુ, તેલંગાણા, કર્ણાટક, પંજાબ અને પશ્ચિમ બંગાળમાં પણ તપાસ થઈ રહી છે. ગુજરાતમાં મહેસાણા ખાતે હાર્દિકકુમાર ઉપરાંત અમદાવાદમાં કરણકુમારના નિવાસે અને તેમના વ્યાપારી સ્થળે દરોડા પાડવામાં આવી રહ્યા છે. આ તમામ એક સમયે જેલમાં હતા તેવું માનવામાં આવે છે.

# વન નેશન વન ઈલેકશનનો અમલ ૨૦૨૯માં જ શકયઃ આવતા સપ્તાહે લો કમિશનને કરશે ભલામણ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કાયદા પંચે વન નેશન, વન ઇલેકશનઁ પર રિપોર્ટ તૈયાર કર્યો છે અને એક-બે દિવસમાં કાયદા મંત્રાલયને સુપરત કરી શકે છે. પેનલે મોટાભાગના સૂચનો સ્વીકાર્યા છે. જેમાં ૨૦૨૯માં એક સાથે ચૂંટણી કરાવવાની ભલામણ કરવામાં આવી છે. પંચની પેનલે બંધારણમાં અનેક સુધારા સૂચવ્યા છે.પંચનું કહેવું છે કે વન નેશન, વન ઈલેકશન જનતાના પૈસા બચાવશે. જો કે, હજી ઘણું ગ્રાઉન્ડ વર્ક કરવાની જરૂર છે, તેથી તેને ૨૦૨૪ માં લાગુ કરી શકાશે નહીં. ગયા મહિને અહેવાલ આવ્યો હતો કે કાયદા પંચ બંધારણમાં પએક રાષ્ટ્ર, એક ચૂંટણીથ પર નવો અધ્યાય ઉમેરવા અને ૨૦૨૯ના મધ્ય સુધીમાં દેશભરમાં લોકસભા, રાજય વિધાનસભાઓ અને સ્થાનિક સંસ્થાઓ માટે એકસાથે ચૂંટણી યોજવાની ભલામણ કરી શકે છે.કાયદા પંચ ઉપરાંત પૂર્વ રાષ્ટ્રપતિ રામ નાથ કોવિંદની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય સમિતિ પણ રિપોર્ટ પર કામ કરી રહી છે, જેથી બંધારણમાં જરૂરી સુધારા કરીને અને



હાલના કાયદાકીય માળખામાં ફેરફાર કરીને એકસાથે લોકસભા, વિધાનસભા, નગરપાલિકા અને પંચાયતોની ચૂંટણીઓ કરાવી શકાય.

ગત વર્ષથી ચાલી રહેલ પએક દેશ એક ચૂંટણીથ પરનું આંદોલન આગામી સપ્તાહથી વધુ ઉગ્ર બનશે. એવું સામે આવ્યું છે કે કાયદા પંચ આ મુદ્દે પોતાનો રિપોર્ટ આવતા અઠવાડિયે કેન્દ્ર સરકારને સુપરત કરી શકે છે. એટલું જ નહીં, શક્ય છે કે વર્ષ ૨૦૨૯માં જ્યારે ચૂંટણીઓ યોજાશે ત્યારે તે પએક દેશ, એક ચૂંટણીથના ખ્યાલ પર યોજવામાં આવે. વાસ્તવમાં, આ અહેવાલમાં, કાયદા પંચ બંધારણમાં સુધારો કરવા અને વર્ષ ૨૦૨૯ ના મધ્ય સુધીમાં દેશભરમાં લોકસભા, રાજ્ય વિધાનસભાઓ અને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ કરાવવાની ભલામણ કરી શકે છે.

ન્યૂઝ એજન્સીના જણાવ્યા અનુસાર, જસ્ટિસ (નિવૃત્ત) રિતુ રાજ અવસ્થીની અધ્યક્ષતામાં કામ કરી રહેલું કમિશન એક સાથે ચૂંટણીને લઈને બંધારણમાં નવો અધ્યાય ઉમેરવા માટે નવો અધ્યાય ઉમેરવા માટે સુધારાની ભલામણ કરશે. આ ઉપરાંત, પેનલ આગામી પાંચ વર્ષમાં ત્રણ પગલામાં વિધાનસભાની શરતોને સુમેળ કરવાની પણ ભલામણ કરશે.

હવે જો આ રીતે જોવામાં આવે તો કાયદા પંચ જે યોજના આપવા જઈ રહ્યું છે તે મુજબ આ પછી મે-જૂન ૨૦૨૯માં પ્રથમ પએક દેશ એક ચૂંટણીથ યોજાશે તેવી યોજના છે. તમને જણાવી દઈએ કે ૧૯મી લોકસભાની ચૂંટણી વર્ષ ૨૦૨૯માં યોજાવાની શકયતા છે.

# લીંબડી પાસે ૧૨૦ કિલો ચાંદીની દીલધડક લૂંટ

## કુરિયરની બોલેરો પીકઅપ કાર કાનપર ગામના પાટીયા પાસે પહોંચી ત્યારે પાંચ લૂંટારૂઓ લૂંટ ચલાવી નાસી છૂટયા

**મુખ્ય સમાચાર, વઢવાણ**

રાજકોટ-અમદાવાદ હાઇવે ઉપર લીંબડી નજીકના કાનપર ગામના પાટીયા પાસે લાખો રૂપીયાની ૧૨૦ કિલો જેટલી ચાંદી સહીત જવેલરીની લૂંટ થતા ખળભળાટ મચી ગયો છે.''



રાજકોટ અમદાવાદ હાઈવે ઉપર આવેલા કાનપર ગામના પાટિયા નજીક લૂંટારોએ કીમતી જવેલરી તેમજ ચાંદી ભરી અને જતી બોલેરો પીકપ કારમાં લૂંટ ચલાવી છે અને ખાસ કરીને આ બોલેરો પીકપ કાર છે તે રાજકોટ થી કુરિયરનો ચાંદી અને કીમતી જવેલરી નો માલ લઈ અને અમદાવાદ તરફ જતી હતી તે દરમિયાન ચારથી પાંચ જેટલા લૂંટારો દ્વારા લૂંટને અંજામ આપવામાં આવ્યો છે અને જે બોલેરો પીકપ કારમાં પડેલી ચાંદી અને કીમતી જવેલરી છે તેને લૂંટી લેવામાં આવી છે.

આ જ ઘટનાને લઇ અને લીંબડી નાયબ પોલીસ અધિક્ષક ચેતન મુંધવા તેમજ તેમના સ્ટાફને જાણ થતા તે તાત્કાલિક ધોરણે દોડી ગયા છે અને પ્રાથમિક તપાસ કરવામાં આવતા ૧૨૦ કિલો જેટલી ચાંદી અને કીમતી જવેલરી ની લૂંટ થઈ હોવાનું બહાર આવ્યું છે આ અંગે સુરેન્દ્રનગર જિલ્લા ઉપરાંત જે રાજકોટ અમદાવાદ હાઇવે ઉપર આવતા ગામો છે ટોલનાકા છે ત્યાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે અને ત્યાંથી નીકળતા વાહનોમાં પણ ચેકિંગ કામગીરી હાથ ધરવામાં આવી છે.

ત્યારે હાલના પ્રથમ તબક્કામાં સુરેન્દ્રનગર લોકલ ક્રાઈમ બ્રાંચ સ્થાનિક પોલીસ સાયલા પોલીસ લીમડી પોલીસ પણ પાણસીણા પોલીસ તથા જિલ્લાભરની પોલીસ આ કામે લાગી છે આ સંદર્ભે તપાસ હાથ ધરી રહી છે ત્યારે હાલના પ્રથમ તબક્કામાં બહારની ગેંગ દ્વારા આ પ્રકારનું કૃત્ય આચરવામાં આવ્યા હોવાનું બહાર આવી રહ્યું છે હાલમાં પ્રથમ તબક્કે પોલીસે તપાસ ધરી છે અને આ સંદર્ભે લૂંટારાઓ છે તેમને ઝડપી પાડવા અંગે અલગ અલગ ટીમો કામે લગાડવામાં આવી છે.

# પહેલી એપ્રિલે વધુ બે બેંકો થશે મર્જર, RBIએ આપી મંજૂરી

## ફિનકેર સ્મોલ ફાયનાન્સ બેંકની દરેક શાખાઓ ૧ એપ્રિલ, ૨૦૨૪થી એયુ સ્મોલ ફાયનાન્સ બેંક લિમિટેડની શાખા તરીકે કામ કરશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં એકવાર ફરી બેંકો મર્જર થઈ રહી છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ કહ્યું કે, ૧ એપ્રિલ ૨૦૨૪થી વધુ ૨ બેંકોને મર્જર કરવામાં આવી રહી છે. જેને આરબીઆઈએ મંજૂરી પણ આપી દેવામાં આવી છે. આ વખતે ફિનકેર સ્મોલ ફાયનાન્સ બેંક લિમિટેડનું એયુ સ્મોલ ફાયનાન્સ બેંક લિમિટેડ સાથે થવાની છે. જે આગામી ૧ એપ્રિલથી આ બે બેંક એક થઈ જશે.




ફિનકેર સ્મોલ ફાયનાન્સ બેંક લિમિટેડની દરેક શાખાઓ ૧ એપ્રિલ, ૨૦૨૪થી એયુ સ્મોલ ફાયનાન્સ બેંક લિમિટેડની શાખા તરીકે કામ કરશે. ૨૩ જાન્યુઆરીએ કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયાને એયુ સ્મોલ ફાયનાન્સ બેંક અને ફિનકેર સ્મોલ ફાઈનાન્સ બેંક વચ્ચે મર્જર કરવા માટે મંજૂરી આપવામાં આવી છે.

AU Small Finance Bank ગ્રાહકોને પ્રસનલ અને કોમર્શિયલ બેંકિંગ સર્વિસની સુવિધા આપે છે. જેમા ફિક્સ ડિપોઝીટ,લોન, એડવાન્સ, ડેબિટ-ક્રેડિટ કાર્ડની પણ સુવિધાઓ સાથે સાથે ડિઝીટલ બેંકિંગ સર્વિસિસ પણ સામેલ છે.

# RBI દ્વારા એક દાયકા પછી પેમેન્ટ બેંક માળખાની વ્યાપક સમીક્ષા કરાશે

## પેમેન્ટ બેંકોને ૨૭ નવેમ્બર, ૨૦૧૪ના રોજ લાયસન્સ જારી કરાયા હતા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં પેમેન્ટ બેંકોને લાયસન્સ ૨૭ નવેમ્બર, ૨૦૧૪ના રોજ જારી કરવામાં આવ્યા હતા, જેના પછી લગભગ એક દાયકા પછી તેની વ્યાપક સમીક્ષા કરવામાં આવી રહી છે. આમાં વહીવટના માપદંડોની સાથે બિઝનેસ મોડલની વ્યવહારિકતાને ધ્યાનમાં લેવામાં આવશે અને તે પણ જોવામાં આવશે કે કેવા ફેરફારોની જરૂર છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા પેમેન્ટ બેંકોના માળખાના દરેક પાસાઓની માહિતી મેળવી શકે છે.




આની સીધી અસર તે પેમેન્ટ બેંકો પર પડી શકે છે જેઓ સ્મોલ ફાઇનાન્સ બેંકો (એસએફબી) બનવા માંગે છે કારણ કે સ્મોલ ફાઇનાન્સ બેંકો નિયમનકારી મૂડી માળખાની વ્યાપક સમીક્ષા પણ વિચારણા હેઠળ છે. ભારતમાં બેન્કિંગના વલણો અને પ્રગતિ (૨૦૨૨-૨૩) રિપોર્ટમાં પણ આનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ચુકવણી બેંકો તેમની શરૂઆતના લગભગ એક દાયકા પછી, નાણાકીય વર્ષ ૨૦૨૩ માં નફાકારક બની. છેલ્લા નાણાકીય વર્ષમાં, વ્યાજમાંથી તેમની આવક તેમના વ્યાજ પરના ખર્ચ કરતાં વધી ગઈ હતી. તેમજ રિટર્ન ઓન એસેટ્સ અને રીટર્ન ઓન ઈક્વિટી પણ પોઝીટીવ બન્યા છે.

પેમેન્ટ બેંકોને હાલમાં દિવસના અંતે તેમના ખાતામાં માત્ર રૂ. ૨ લાખનું જ સંતુલન જાળવવાની છૂટ છે, જેને તેઓ ઘણા વર્ષોથી વધારવા માટે આરબીઆઈને વિનંતી કરી રહી છે. શરૂઆતમાં આ મર્યાદા માત્ર ૧ લાખ રૂપિયા હતી, જે ૭ એપ્રિલ, ૨૦૨૧ના રોજ વધારીને ૨ લાખ રૂપિયા કરવામાં આવી.

તેનાથી પણ વધુ મહત્વની માંગ લોન આપવા અંગેની છે. તેઓ માઈક્રો ફાઈનાન્સ સેક્ટરને ધિરાણ આપવા માટે પરવાનગી માંગી રહ્યા છે અને જો વ્યાજબી લોન મર્યાદા નક્કી કરવામાં આવે તો તેમને કોઈ વાંધો નહીં હોય.આ તેના માટે આવકનો નવો માર્ગ ખોલશે.

# ભવનાથમાં જામ્યો ભક્તિનો રંગઃ શિવરાત્રીના મેળાનો પ્રારંભ

## ભજન, ભોજન અને ભક્તિનો ત્રિવેણી સંગમઃ નાગા સાધુઓના દર્શનાર્થે માનવ મહેરામણ ઉમટયું: પ્લાસ્ટીકની ચીજવસ્તુઓ પર પ્રતિબંધ









**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

જુનાગઢ ગિરનાર તળેટીમાં શિવરાત્રીનો પ્રારંભ થઇ ગયો છે.જેમાં ભાવિકો પોતાના પરિવાર સાથે મેળાનો આનંદ માણવા પહોંચ્યા હતા.મેળામાં નાગા સાધુઓ ધુણો ધકાવી બેઠા છે ત્યારે ભાવિકોએ મોડી રાત સુધી ભવનાથ મહાદેવના દર્શને પરિવાર સાથે પહોંચ્યા હતા.ભારત ભર માંથી ભાવિકો મેળામાં ભજન ભોજન ને ભક્તિની મોજ લેવા પધારી રહ્યા છે.ત્યારે હાલ શિવરાત્રી મેળામાં માનવ મહેરામણ નો અવિરત પ્રવાહ શરૂ છે.ત હજુ ત્રણ દિવસ મેળો જામશે જેમાં દેશ દુનિયાથી લોકો ભગવાન મહાદેવના દર્શને આવશે .અને શિવરાત્રીની રાત્રે નાગા સાધુઓની રવાડી ના દર્શન કરશે.

જુનાગઢ ગિરનાર તળેટીમાં શિવરાત્રીનો પ્રારંભ થઇ ગયો છે.જેમાં ભાવિકો પોતાના પરિવાર સાથે મેળાનો આનંદ માણવા પહોંચ્યા હતા.મેળામાં નાગા સાધુઓ ધુણો ધકાવી બેઠા છે ત્યારે ભાવિકોએ મોડી રાત સુધી ભવનાથ મહાદેવના દર્શને પરિવાર સાથે પહોંચ્યા હતા.ભારત ભર માંથી ભાવિકો મેળામાં ભજન ભોજન ને ભક્તિની મોજ લેવા પધારી રહ્યા છે.ત્યારે હાલ શિવરાત્રી મેળામાં માનવ મહેરામણ નો અવિરત પ્રવાહ શરૂ છે.ત હજુ ત્રણ દિવસ મેળો જામશે જેમાં દેશ દુનિયાથી લોકો ભગવાન મહાદેવના દર્શને આવશે .અને શિવરાત્રીની રાત્રે નાગા સાધુઓની રવાડી ના દર્શન કરશે.

મેળામા પહેલા દિવસે જ હજારોની સંખ્યામાં ભાવિકો શિવરાત્રીનો મેળો માણવા દૂર દૂર થી પહોંચ્યા છે. ત્યારે ખાણી પીણી,રમકડાના સ્ટોલ પર લોકોની ભીડ જોવા મળી રહી છે.ભાવિકો ભવનાથ મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવે છે. આ વર્ષે તંત્ર દ્વારા પ્લાસ્ટિક પર પ્રતિબંધ લગાવવામાં આવ્યું છે ત્યારે શિવરાત્રી મેળામાં ભાવિકોને પ્લાસ્ટિકની ચીજ વસ્તુઓ ન વાપરવામાં પણ અપીલ કરવામાં આવી છે. લાખોની સંખ્યામાં યોજાતો મેળો માત્ર ભારત જ નહીં પરંતુ વિશ્વભરમાં પ્રચલિત છે.

મહાશિવરાત્રીના દિવસે નાગાબાવાઓનું સરઘસ મૃગીકુંડમાં સ્નાન અને ગિરનારની તળેટીમાં થતો શંખનાદ એક આધ્યાત્મિક અનુભવ હોય છે. એક લોકવાયકા પ્રમાણે મૃગીકુંડમાં ન્હાવા લોકોને મોક્ષ મળે છે. નવ નાથ અને ચોર્યાસી શીધ્ધોના સ્થાનક ગિરનારના ભર્તુહરિ ગોપીચંદ અને અશ્વત્થામા જેવા સિધ્ધો રહે છે, અહીં શિવરાત્રીના દિવસે સિદ્ધ પુરુષો મૃગી કુંડમાં નહાવા માટે આવે છે.વળી એવી પણ માન્યતા છે કે સિદ્ધ પુરુષો એકવાર આ કુંડમાં ન્હાવા પડે છે પછી બહાર નથી નીકળતા ગિરનાર તળેટીમાં ભરાતા આ મેળામાં નાગા સાધુ આકર્ષણનું કેન્દ્ર હોય છે. ત્યારે દરેક ધુણા પર દેશ વિદેશ થી સાધુઓ આવી ચાર દિવસ સુધી તેની મસ્તીમાં મસ્ત રહે છે.પોલિસ દ્વારા પણ મેળામાં આવતા ભાવિકોને અગવડતા ન પડે તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ત્યારે હજુ ત્રણ દિવસ સુધી ચાલતા આ શિવરાત્રીના મેળામાં લાખો ભાવિકો આવી પુણ્યનું ભાથું બાંધી ધન્યતા અનુભવશે..

મેળામા આવેલા ભાવિન કેતનભાઇ એ જણાવ્યું હતું કે શિવરાત્રી મેળામાં અમે પરિવાર સાથે આવ્યા છીએ. આ મેળામાં ભજન ,ભોજન કીર્તન,સાધુ સંતોના અખાડાઓ, દિવસ સુધી ધમધમશે. આ મેળામાં એક પણ રૂપિયો લીધા વિના અંશતઃ ઉતારા મંડળ પ્રસાદી પીરસવામાં આવે છે. સંત સુરા અને દાતાર ની ભૂમિ જૂનાગઢમાં શિવરાત્રીનો મેળો માણવા દેશ વિદેશથી ભાવિકો અને સાધુ સંતો આવે છે. હેમાંગ દુવાણીએ જણાવ્યું હતું કે આજે મેળાનો પહેલો દિવસ છે અને અમે અહીં મેળામાં આવ્યા છીએ લાખો માણસો આ મેળામાં આવે છે અને આ મેળામાં દિવ્ય અલગ જ આનંદ અનુભૂતિ થાય છે . ગરીબ હોય કે તમન્ગર કોઈપણ ભાવિક આ મેળાનું આનંદ લઈ શકે છે. ત્યારે અહીં આવે અને મેળાનું આનંદ માણે..

# જામનગરમાંથી બાઈકની ચોરી કરનાર શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના એક આસામીનું બાઈક ગયા ગુરૂવારે ઘર પાસેથી ચોરાઈ ગયાની પોલીસમાં ફરિયાદ કરવામાં આવ્યા પછી સિટી-એ ડિવિઝન પોલીસે બેઠક રોડ પરથી ચોરાઉ બાઈક સાથે કાલાવડના વરૃડી ગામના શખ્સને પકડી પૂછપરછ કરતા આ શખ્સે ચોરીની કબૂલાત કરી છે.જામનગરની સુભાષ શાક માર્કેટ પાસે વેરશીવાડના ઢાળીયા નજીક રહેતા ફિરોઝ હાસમભાઈ ખંભાળીયાવાળા નામના આસામીએ ગયા ગુરૂવારે રાત્રે એકાદ વાગ્યે પોતાનું જીજે-૨૩-એફ ૮૭૪૮ નંબરનું હીરો મોટરસાયકલ ઘર બહાર મૂક્યું હતું. તે વાહન સવાર સુધીમાં ત્યાંથી કોઈ શખ્સ હંકારી ગયો હતો.આ બાબતની સિટી-એ




ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવામાં આવ્યા પછી શરૃ કરાયેલી તપાસમાં સર્વેલન્સ સ્ટાફના એએસઆઈ કે.પી. જાડેજા, ખોડુભાને બાતમી મળી હતી કે, ચોરાઉ બાઈક સાથે એક શખ્સ બેઠક રોડ પરથી આવી રહ્યો છે.તે બાતમીથી પીઆઈ એન.એ. ચાવડાને વાકેફ કરાયા પછી સર્વેલન્સ સ્ટાફે વોચ રાખી હતી. જેમાં કાલાવડ તાલુકાના વરૃડી ગામના પાટિયા પાસે રહેતો અજય મુકેશભાઈ પરમાર ઉર્ફે ટીપુ નામનો શખ્સ બેઠક રોડ પરથી બાઈક સાથે ઝડપાયો હતો. તેની પૂછપરછ કરાતા આ શખ્સે પોતાની પાસે રહેલું બાઈક વેરશીવાડના ઢાળિયેથી ચોરી કર્યાની કબૂલાત આપી છે. પોલીસે રૃા.૨૦ હજારનું બાઈક કબજે કરી અજય પરમારની ધરપકડ કરી છે.

# ટંકારાના ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયાની રજૂઆતોને સફળતા મળીઃ ૩૨.૧૫ કરોડના કામોને રાજ્ય સરકાર દ્વારા મંજૂરીની મ્હોર

**મુખ્ય સમાચાર, ટંકારા**

ટંકારાના ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા દ્વારા ૬૬ ટંકારા-પડધરી મત વિસ્તારમાં પંચાયત હસ્તકના રસ્તાઓ પર હૈયાત કોઝવે તથા નાળા પર નવા પુલ તથા નવા સી.ડી.વર્કસ બનાવવા માટે માનનીય મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને રજૂઆત કરેલ હતી. જે અનુસંધાને માર્ગ અને મકાન વિભાગ દ્વારા ધારાસભ્યની રજૂઆતને ગ્રાહ્ય રાખી રૂપિયા ૩૨.૧૫ કરોડના કામોને એમ.એમ.જી.એસ.વાય. યોજના હેઠળ મંજૂરીની મહોર લગાવી જોબનંબર ફાળવણી કરવામાં આવી છે.

ધારાસભ્ય દ્વારા જાહેર કરાયેલ વિગતો મુજબ પડધરીના ઢોકળીયા ખંભાળા ન્યારા રોડ પર મેજર બ્રિજ, એપ્રોચ રોડ, પ્રોટેક્શન વોલને મંજૂરીના કામને જ્યારે પડધરી તાલુકાના એસ.એચ. થી ખામટા, ખજુરડી, ખોડાપીપર રોડ, સેક્શન-૨, ડેમ સાઈટથી ખજુરડી રોડ કોઝવે, પ્રોટેક્શન વોલ બનાવવાને મંજૂરી મળી છે. પડધરી તાલુકાના એમ.ડી.આર. થી નાના ખીજડીયા રોડ પર માઈનોર બ્રિજ એપ્રોચ અને પ્રોટેક્શન વોલ, સરપદડ-મોટા ખીજડીયા રોડ પર સબમર્શીબલ બ્રિજમાં ૨ ગાળા વધારવાના એપ્રોચ, પ્રોટેક્શન વોલના કામને મંજૂરી અપાઈ છે. ઉંડ ખીજડીયા એપ્રોચ રોડ પર સ્લેબ ડ્રેઈન એપ્રોચ, પ્રોટેક્શન વોલના કામને મંજૂરી મળી તથા મોરબીના લખધીરનગર થી અદેપર રોડ પર ૭મી. સ્પાનના ૫ ગાળાનો માઈનોર બ્રિજ અને ૫૦મીટરનો વોન્ટેડ કોઝવે મંજૂર કરાયો છે. ટંકારા તાલુકાના નેકનામ-રોહીશાળા રોડ, નેસડા-ખાનપર રોડ અને ખીજડીયા-નસીતપર રોડ પર માઈનોર બ્રિજ અને એપ્રોચના કામને મંજૂરી મળી છે. આ ઉપરાંત એસ.એચ. થી બંગાવડી રોડ પર મેજર બ્રિજ અને એપ્રોચનું કામ અને એસ.એચ. થી જીવાપર રોડ પર માઈનોર બ્રિજ અને એપ્રોચના કામને મંજૂરી આપવામાં આવી છે. તમામ કામ માટે સરકારે ૩૨.૧૫ કરોડ રૂપિયા ફાળવ્યા છે. આ તકે દુર્લભજીભાઈ દેથરીયાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ગુજરાત સરકારનો આભાર વ્યક્ત કર્યો છે.

# જામનગર જિલ્લાએ આરોગ્ય ક્ષેત્રે મેળવી વધુ એક સિદ્ધિ

## જામનગર તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર લખાબાવળને સતત બીજી વખત NQAS સર્ટિફિકેટ એનાયત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જીલ્લામાં કાર્યરત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો દર્દીઓને આરોગ્ય સેવાઓ અંગે વધુ સારી વ્યવસ્થા અને સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. ત્યારે રાષ્ટ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા જામનગરનાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર લખાબાવાળને નેશનલ કવોલેટી એસયોરન્સ સ્ટન્ડડે (ગચઅજ) સર્ટિફિકેટ આપવામાં આવશે.




જામનગર જીલ્લો તમામ ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિના શિખર સર કરી રહ્યો છે. ત્યારે જીલ્લાના લાખાબાવળ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને ગુણવત્તાની દ્રષ્ટિએ રાષ્ટીયકક્ષાનું પ્રમાણપત્ર સતત બીજી વખત એનાયત કરવામાં આવશે. આરોગ્ય સેવાને લગતી રાષ્ટ્રીયક્ષેત્રની ગુણવત્તા સંબંધિત આ પ્રમાણપત્ર બાબતે અગાઉ જીલ્લા કક્ષાએથી રાજ્ય કક્ષાએ અને રાજ્ય કક્ષાએથી રાષ્ટીય કક્ષાએ અરજી કરવામાં આવી હતી. આ અંતર્ગત વિવિધ માપદંડ પ્રમાણે લાખાબાવાળ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું સર્વાંગીક મુલ્યાકન કરવામાં આવ્યું હતું. આ માપદંડમાં ઓપીડી, ઈનડોર વિભાગ , લેબરૂમ, લેબોરેટરી , નેશનલ હેલ્થ મિશનના વિવિધ પોગ્રામ તથા જનરલ એડમીનીસ્ટ્રશન , ફાઇનાન્સને લગતી વિવિધ બાબતો , દર્દીઓને આપવામાં આવતી સેવા , દર્દી ઓમાં જાગૃતિ ફેલાવવાની કામગીરી તથા આરોગ્યને લગતી વિવિધ સુવિધાઓનું ચેકિંગ રાષ્ટ્રીયકક્ષાના નિષ્ણાંતો દ્વારા કરવામાં આવ્યું હતું. ઉપરાંત આરોગ્યની સેવા તથા સુવિધા બાબતે દર્દીઓના અભિપ્રાય પણ મેળવવામાં આવ્યા હતા.વિવિધ ચેકલીસ્ટ પ્રમાણે ચેકીંગ બાદ તાજેતરમાં કેન્દ્રીય સ્વાથ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા લાખબાવળ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને સેવા - સુવિધાની ગુણવત્તા સંબંધિત કુલ ૯૨ ટકા માકસે સાથે આ આરોગ્ય કેન્દ્રને NQAS એટલે કે નેશનલ કવોલીટી એસ્યોરન્સ પ્રમાણપત્ર સતત બીજી વખત મળ્યું છે .જેથી સ્થાનિકોને મળતી સુવિધા અને તબીબી સેવાઓ અને સુવિધાઓમાં પણ ઉત્તરોત્તર વધારો થશે. જીલ્લાને આરોગ્ય ક્ષેત્રે મળેલ આ સન્માન બદલ જામનગર જીલ્લાના ઈઉઇંઘ એચ.એચ.ભાયા, ચઅખઘ ડો. ગુપ્તા અને તાલુકા હેલ્થ ઓફીસર ડો.જીગ્નેશ પટેલ તથા સમગ્ર જીલ્લા વહિવટીતંત્ર દ્વારા લાખાબાવળ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સમગ્ર ટીમ તથા જીલ્લા આરોગ્ય વિભાગને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# જામનગરમાં નશામુક્ત અભિયાન અંતર્ગત રેલી યોજાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર આણંદાબાવા સેવા સંસ્થા, લીમડા લેન, જામનગર ખાતે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ- રાજય સરકાર હેઠળના નિયામક સમાજ સુરક્ષા ખાતા ગુજરાત રાજ્ય ગાંધીનગર હસ્તકની જામનગર જિલ્લાની સરકારી અને બિનસરકારી બાળ કલ્યાણ ક્ષેત્રે કાર્ય કરતી વિવિધ દિવ્યાંગ કલ્યાણ સંસ્થાઓના બાળકોની નશા મુક્ત ભારત અભિયાન અંતર્ગત જાગૃતિ રેલી યોજાઈ હતી. જેમાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી ડો. પી.વી. શેરસીયા, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી આર.જે. શિયાર, બાળ કલ્યાણ સમિતિના ચેરમેન ભાવિનભાઈ



ભોજાણી, આણંદાબાવા સેવા સંસ્થા સંચાલિત ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ અને બોયઝના જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી અને જિલ્લા બાળ સુરક્ષા બાળ અધિકારીની કચેરીના સ્ટાફ ગણ હાજર રહ્યા હતા.

# મોરબીમાં લોકસભા ચૂંટણી અંતર્ગત જીલ્લાના નોડલ અધિકારીઓ સાથે કલેકટરની બેઠક યોજાઈ





**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા ચૂંટણી અધિકારી તથા જીલ્લા કલેકટર કે.બી. ઝવેરીના અધ્યક્ષસ્થાને લોકસભા ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત જીલ્લાના નોડલ અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી. જેમા નિષ્પક્ષ, ન્યાયી અને તટસ્થ ચૂંટણી યોજાય તે અંગે અધિકારીઓ તથા નોડલ ઓફીસરોને જરૂરી માર્ગદર્શન તથા સુચનાઓ આપી હતી. આ બેઠકમાં મુક્ત અને ન્યાયી વાતાવરણમાં જિલ્લામાં લોકસભાની ચૂંટણી યોજવા અંગે આદર્શ આચારસંહિતાના અમલ બાબતે જીલ્લા ચૂંટણી અધિકારીએ જરૂરી સુચનાઓ આપી.

આ બેઠકમા નાયબ જીલ્લા ચૂંટણી અધિકારી કુલદીપસિંહ વાળા, ખર્ચ મોનિટરિંગ નોડલ ઓફિસર અને જીલ્લા વિકાસ અધિકારી જે.એસ. પ્રજાપતિ, આચારસંહિતા નોડલ ઓફિસર અને જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક એન.એસ. ગઢવી, ટ્રેનીંગ મેનેજમેન્ટ અને ઈલેક્ટ્રોલ રોલ નોડલ અને જીલ્લા પુરવઠા અધિકારી સંદીપકુમાર વર્મા તથા અન્ય નોડલ ઓફીસરો હાજર રહ્યા હતા.

# જામનગરના પીપર બિસ્કિટની એજન્સીમાં આગ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના કાલાવડ નાકા બહાર આવેલા મોરકંડા રોડ પર કલ્યાણ ચોક પાસે રીધમ માર્કેટ નામની ઈમારતમાં એચ.પી. ટ્રેડીંગ કંપની નામની દુકાનમાં કોઈ રીતે આગ ભભૂકી ઉઠી હતી. આગ લાગ્યાની જાણ થતાં ફાયરબ્રિગેડનો કાફલો ધસી આવ્યો હતો. બે ગાડીમાંથી પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવામાં આવી હતી. આગના કારણે દુકાનમાં પડેલો બિસ્કિટ, બાકસ, મેગીનો જથ્થો સળગીને ખાખ થઈ ગયો હતો. કાસમભાઈ યાકુબભાઈ નામના આસામીની હોલસેલની આ દુકાનમાં ખાસ્સુ નુકસાન થયું હતું. આગ શોર્ટ સર્કીટના કારણે લાગ્યાનુ અનુમાન કરાયું છે.





# જામનગરમાં લગ્નની ખરીદીનો ભુલાયેલો સામાન પરત કરતી પોલીસ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર પોલીસ અધિક્ષક જામનગરની કચેરીના પોલીસ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ રુમ ખાતે આવેલ પોલીસ ટીમ દ્વારા તા. ઉના ભીખુભાઇ ડાયાભાઇ વાઘેલા રહે. દ્વારકા બસ સ્ટેશન સામે જી. દેવભુમી દ્વારકાવાળા પોતાના પરિવાર સાથે દ્વારકાથી જામનગર તેઓના દિકરા તથા દિકરીના લગ્ન પ્રસંગ માટેની ખરીદી કરવા જામનગર આવેલ અને જામનગર દરબારગઢથી ખરીદી કરી દરબારગઢથી ખંભાળીયા ગેઇટ સુધી ઓટો રીક્ષા મારફતે ઘર જતી વખતે લગ્ન પ્રસંગની ખરીદી કરેલ સર સામાન કપડા ભરેલ થેલો તથા સુટકેશ જેની કિ. ૫૦૦૦૦નો રીક્ષાની ઉપર



કેરીયરમાં સામાન ભુલી ગયા હતા.જામનગર પોલીસ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ રુમના પીએસઆઇ પી.પી. જાડેજા તથા સ્ટાફના એએસઆઇ પરેશભાઇ ખાણધર તથા રાધેશ્યામ અગ્રાવત, પોલીસ કોન્સ. પારુલબેન નિમાવત, રેખાબેન દાફડા, વર્ષાબા જાડેજા, રીનાબા વાઘેલા સહિતના અધિકારી કર્મચારીઓ દ્વારા અલગ અલગ સીસીટીવીની મદદથી રીક્ષાના નંબર શોધી તેના ચાલકને શોધી ગણતરીની કલાકમાં અરજદાર તેમની કિંમતી સામાન પરત કરી દ્વારકા ખાતે રવાના કરેલ હોય જે પોલીસ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ રુમના અધિકારી ટીમે તપાસ કરી અજરદારનો કિંમતી સામાન પરત કરી સારી કામગીરી કરી હતી.

# હળવદના રણમલપુર ગામે ટ્રેક્ટરના હાઈડ્રોલિકમાં પેટનો ભાગ આવી જતા ખેડૂતનું મૃત્યુ

**મુખ્ય સમાચાર, હળવદ**

મળતી માહિતી અનુસાર હળવદના રણમલપુર ગામના રહેવાસી ૪૫ વર્ષીય સુરેશભાઇ તળશીભાઇ વરમોરા રણમલપુર ગામની ખારીવાડી સીમમા પોતાની વાડીમા ટ્રેક્ટર વડે ખેતી કામ કરતા હોય ત્યાં ટ્રેક્ટરનુ હાઇડ્રોલીક ખરાબ થઇ જતા ટ્રેક્ટર ઉભુ રાખી રીપેરીંગ કરતા હતા, તે વખતે અકસ્માતે હાઇડ્રોલીકમા આવી જતા પેટનો ભાગ દબાણમા આવી ગયો હતો. જેથી સુરેશભાઈને ગંભીર ઇજા થતા સારવાર અર્થે હળવદ સરકારી દવાખાના ખાતે તેમના ભાઈ રમેશભાઇ તળશીભાઇ વરમોરા લાવતા ફરજ પરના ડોક્ટરે તેમને જોઈ તપાસી મૃત જાહેર કાર્ય હતા. ત્યારે બનાવ બાબતે હળવદ પોલીસે મૃત્યુ અંગે અ.મોત રજી. કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરનાં તબીબ દંપતિની પુત્રી યશ્વી સાતાએ MBBSમાં સૌથી વધુ ૯ ગોલ્ડ મેડલ સહિત ૧૧ પુરસ્કાર મેળવ્યા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરનાં તબીબ દંપતિની પુત્રી યશ્વી સાતાને રાજ્યપાલની ઉપસ્થિતિમાં ખઇઇજમાં સૌથી વધુ ૯ ગોલ્ડ મેડલ સહિત ૧૧ પુરસ્કાર એનાયત.રાજકોટમાં ૧૦ માર્ચે રાજયપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં યોજાનાર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં પદવીદાન સમારોહમાં જામનગરની એમ.પી.શાહ મેડીકલ કોલેજની વિદ્યાર્થિની યશ્વી સાતાને એમ.બી.બી.એસ.માં સૌથી વધુ ૯ ગોલ્ડ મેડલ સહિત ૧૧ પુરસ્કાર એનાયત કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે યશ્વીનાં પિતા ડો.વિજય સાતા ગુરુ ગોવિંદસિંઘ





હોસ્પીટલમાં ઓર્થોપેડીક વિભાગનાં વડા તરીકે સેવારત છે, જ્યારે માતા ડો.નીતાબેન (માંઢાઈ) સાતા ગાયનેકોલોજીસ્ટ છે. યશ્વીએ માતા-પિતાનાં પગલે ચાલી તબીબી અભ્યાસક્રમમાં ઉત્તમ પ્રદર્શન કરી સાતા પરીવાર ઉપરાંત સમગ્ર શહેરનાં ગૌરવમાં વધારો કર્યો છે

# મોરબીના શકત શનાળા ગામે શક્તિ માતાજીના મંદિરે ઝાલા રાજપૂત સમાજ દ્વારા સાંસદ કેશરીદેવસિંહનું સ્વાગત સન્માન

**મુખ્ય સમાચાર, ઋષિ મેહતા**

**મોરબીઃ** મોરબીના શકત શનાળા ગામે પ્રસિદ્ધ સહજતી માતાજીના મંદિરે આજરોજ ૨૩ ગામના ઝાલા રાજપૂત સમાજના આગેવાનો દ્વારા રાજ્યસભા સાંસદ કેસરીદેવસિંહ ઝાલાનુ સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારે સાંસદ કેશરીદેવસિંહજી એ શક્તિ માતાજીની આરતી કરી હતી.

મોરબીના શકત શનાળા ગામે આવેલ શક્તિ માતાજીના મંદિર ખાતે આજે રાજ્યસભાના સાંસદ કેસરીદેવસિંહ ઝાલાએ દર્શન કરી આરતીનો લાભ લીધો હતો જ્યાં મોરબી તેમજ ઝાલાવાડ પંથકના ૨૩ ગામના ઝાલા રાજપૂત સમાજના આગેવાનોએ સન્માન કર્યું હતું તેમજ રાજ્યસભાના સાંસદ કેસરિદેવસિંહને બંધારણનુ પુસ્તક ભેટમાં આપ્યું હતું. સાથે જ સાંસદ કેસરિદેવસિંહ ઝાલા સાંસદ બન્યા બાદ પ્રથમ વખત શક્તિ માતાજીના મંદિરે





આવ્યા હોય જેથી તેઓએ આરતી કરવા માટે પણ ઈચ્છા વ્યક્ત કરી હતી અને પોતાના હસ્તે માં શક્તિની આરતી ઉતારીને આશીર્વાદ મેળવ્યા હતા.

## વિધાનસભા ચૂંટણી વખતે આપેલા વચનોને સાર્થક કરવા

# લાઠી બાબરા દામનગર વિસ્તાર માટે રૂપિયા ૧૯.૬૫ કરોડના કામો મંજૂર કરાવતા ધારાસભ્ય જનક તળાવીયા

## ધારાસભ્યના અવિરત પ્રયાસોથી કરોડોના વિકાસ કામો મંજૂર થયા

**મુખ્ય સમાચાર, આદીલખાન પઠાણ**

**બાબરાઃ** હાલ ગુજરાતની રાજ્ય સરકાર તેમજ દેશની કેન્દ્ર સરકાર દ્વારા શહેરો અને ગ્રામ્ય કક્ષાના રોડ રસ્તા નાળા પુલો, માઇનર બ્રીજ સહિતના કામો પૂરજોશમાં થઈ રહ્યા છે ત્યારે લાઠી બાબરા દામનગર વિસ્તારના જાગૃત અને સતત પ્રયત્નશીલ ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા લાઠી બાબરા દામનગર વિસ્તાર સહિત ગ્રામ્ય વિસ્તારોના વિકાસ માટ છે, રાજ્યના મુખ્યમંત્રીશ્રી પાસે રજૂઆતો કરી વિધાનસભાની ચૂંટણી વખતે તેઓએ પ્રજાને આપેલા વચનો પૂર્ણ કરવા સતત પ્રયાસો કરી રહ્યા છે.લાઠી દામનગર બાબરા વિસ્તારના કોઈપણ લોકપ્રશ્ન હોય, રોડ રસ્તા હોય કે પછી પીવાના પાણી કે સિંચાઈના પાણીની વાત હોય તમામ કામો માટે ધારાસભ્ય સતત પ્રયત્નશીલ છે અને લોકપ્રશ્નોને વાચા આપવાનું કામ કરી રહ્યા છે.આ અગાઉ પણ ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના પ્રયાસોથી પીવાના પાણીની સમસ્યાને પહોંચી વળવા માટે આશરે રૂપિયા ૬૦ કરોડ જેવી માતબર



રકમના કામો પાણી પુરવઠા બોર્ડ દ્વારા મંજૂર કરવામાં આવેલ છે અને જે કામો હાલ પ્રગતિ હેઠળ છે. આવી રીતે ખેડૂતોના પ્રશ્નો હોય કે લાઠી બાબરા દામનગર વિસ્તારની વિકાસની ગતિને આગળ ધપાવવા માટેની વાત હોય આ માટે આ વિસ્તારના ધારાસભ્ય જનક તળાવીયા સતત કાર્યરત રહેશે આ અગાઉ ધારાસભ્ય ના પ્રયાસોથી લાઠી બાબરા દામનગર વિસ્તારના અનેક રોડ રસ્તાઓને સૈદ્ધાંતિક મંજૂરી અપાવવામાં આવી છે તેમજ ઘણા રોડ રસ્તા ના કામો ના ભૂમિ પૂજન કરી કામો શરૂ કરાવવામાં આવ્યા છે

સમગ્ર રાજ્યમાં જ્યારે તમામ ક્ષેત્રોમાં વિકાસ થઈ રહ્યો છે ત્યારે મારો વિસ્તાર વિકાસમાં પાછળ ન રહે તેવી નેમ સાથે ધારાસભ્ય જનક તળાવીયા સતત કામ કરી રહ્યા છે શહેરી વિસ્તાર હોય કે પછી ગ્રામ્ય વિસ્તાર તમામ જગ્યાએ વિકાસ થવો જોઈએ આ જ જેમનો જીવન મંત્ર છે તેના માટે જ તેઓ સમગ્ર વિસ્તારમાં રાત દિવસ પ્રવાસ કરી તેઓના મતવિસ્તારમાં આવેલ કોઈ ગામ કે શહેર વિકાસથી વંચિત ન રહે તેની સતત ચિંતા કરી રહ્યા છે.ત્યારે હાલમાં લાઠી બાબરા દામનગર વિસ્તાર માટે રૂપિયા ૧૯.૬૫ કરોડના નવા કામો મંજૂર કરાવી વિધાનસભાની ચૂંટણી વખતે આપેલા વચનોને પૂરા કરવામાં ધારાસભ્ય જનક તળાવીયા ખરા સાબિત થયા છે.વિકાસના કામો થકી જન કલ્યાણની ભાવના સાથે લાઠી બાબરા દામનગર વિસ્તારની આજુબાજુમાં આવતા ગ્રામ્ય વિસ્તારો સહિત તમામ જગ્યાએ નાળા, પુલ, માઇનોર બ્રિજ, પ્રોટેક્શન દિવાલ, કોઝવે ટુ બ્રિજ જેવા વિવિધ કામો માટે રૂપિયા ૧૯.૬૫ કરોડના કામો મંજૂર કરવામાં આવતા ધારાસભ્ય જનક તળાવીયા દ્વારા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ નો આભાર માનવામાં આવ્યો હતો તેમજ લાઠી બાબરા દામનગર વિસ્તાર માટે રૂપિયા ૧૯.૬૫ કરોડના નવા કામો મંજૂર થવાથી ગ્રામ્ય કક્ષાના અનેક વર્ષો જૂના પ્રશ્નોનો ઉકેલ આવશે તેવી આશા સાથે લાઠી બાબરા વિધાનસભાની સમગ્ર જનતા એ ધારાસભ્ય જનક તળાવીયાનો આભાર માની ખુશીની લાગણી વ્યક્ત કરી હતી..

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

## રેલવે સેફટીમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ ડીઆરએમએ રાજકોટ ડિવિઝન ના ૪ કર્મચારીઓ ને કર્યા સન્માનિત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રેલવે સેફ્ટીમાં ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ રાજકોટ ડીવીઝનના ૪ કર્મચારીઓને આજે ડીઆરએમ ઓફિસ રાજકોટના કોન્ફરન્સ રૂમમાં રાજકોટ ડીવીઝનના એડિશનલ ડીવીઝનલ રેલવે મેનેજર શ્રી કૌશલકુમાર ચૌબેના હસ્તે પ્રમાણપત્ર અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. આ કર્મચારીઓને ડિસેમ્બર-૨૦૨૩ મહિનામાં રેલવે સુરક્ષામાં ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ આ એવોર્ડ આપવામાં આવ્યો છે. એવોર્ડ મેળવનાર કર્મચારીઓમાં અનિલ જી ચનિયારા (લોકો પાયલોટ-રાજકોટ), ઉમાશંકર પ્રસાદ (સ્ટેશન માસ્ટર-મોડપુર), ભૂપત સિંહ (ગેટ મેન ગેટ નંબર ૨૩૧ એન્જીનીયરીંગ) અને કુમાર સત્ય (ગેટ મેન ગેટ નં. ૧૭૯ ટ્રાફિક) સામેલ છે. ઉપરોક્ત રેલવે કર્મચારીઓએ જે કામ કર્યું હતું તે ટ્રેનોમાં સ્પાર્કિંગ જોવું, ધુમાડો, લટકતા ભાગો અને બ્રેક બ્લોક જામ વગેરેની નોંધ લેવા જેવા કાર્યો કરવામાં આવ્યા હતા. આ રેલવે કર્મચારીઓની સતર્કતા અને તકેદારીએ સંભવિત રેલવે અકસ્માતોને રોકવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

તેમજ આજે રાજકોટ ડિવિઝનના સિવિલ ડિફેન્સ કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલ ઉત્કૃષ્ટ કામગીરી બદલ જનરલ મેનેજર કક્ષા માટે રૂ. ૮૫૦૦/- -નો ગ્રૂપ કેશ એવોર્ડ અને ડીવીઝનલ રેલવે મેનેજર કક્ષા માટે રૂ. ૧૫૦૦/-નો ગ્રુપ કેશ એવોર્ડ એડિશનલ ડિવિઝનલ રેલવે મેનેજર દ્વારા આપવામાં આવ્યો હતો. આ તકે હાજર રહેલા સિવિલ ડિફેન્સ કર્મચારીઓના નામ, હોદ્દો અને હેડક્વાર્ટરની વિગતો નીચે મુજબ છે: કુણાલ શર્મા (ટેલિકોમ મેઈન્ટેનર-રાજકોટ), ઈકબાલભાઈ (મુખ્ય લોકો ઈન્સ્પેક્ટર-રાજકોટ) અને નરેન્દ્રસિંહ પરમાર (વાહન ડ્રાઈવર-રાજકોટ). આ પ્રસંગે રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ સેફ્ટી ઓફિસર એન.આર.મીના, સિનિયર ડિવિઝનલ ઓપરેશન મેનેજર શ્રી રમેશચંદ મીણા, સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી સુનિલ કુમાર મીના અને આસિસ્ટન્ટ મિકેનિકલ એન્જિનિયર શ્રી દ્વિપ સાવપરા ઉપસ્થિત રહ્યા હતા.

## આવતીકાલે રાજકોટ મનપાની સ્ટે.કમિટીની જમ્બો બેઠકઃનાના મવામાં આવેલ વાણીજ્ય વેંચાણ હેતુ અંગેના પ્લોટની ફાળવણી રદ કરાશે

### સ્ટેન્ડીંગ કમિટી સમક્ષ અધધધ....૮૭ દરખાસ્તો તંત્ર દ્વારા મૂકાઈઃલાખોના વિકાસકામોને મળશે મંજૂરી

**મુખ્ય સમાચાર રાજકોટ**

આવતીકાલે રાજકોટ મહાનગરપાલિકાની સ્ટે.કમિટીની બેઠક ચેરમેન જયમીન ઠાકરની અધ્યક્ષતામાં મળશે. આ બેઠકમાં તંત્ર દવારા અધધધ....કુલ ૮૭ દરખાસ્તો મૂકાઈ છે. જેમાં ખાસ કરીને મનપાના ટી.પી.સ્કીમ નં.૩ નાના મવા, અંતિમ ખંડ ૪ પૈકી વાણીજ્ય હેતુ માટે જે પ્લોટની ફાળવણી ઘણા સમય પહેલા કરાઈ હતી. તે રદ કરવાની દરખાસ્ત મ્યુ.કમિશનર દવારા મૂકાઈ છે.

વધુમાં બાંધકામ શાખા માટે રોડ રોલર ખરીદવાની દરખાસ્ત, શહેરના જુદા જુદા વોર્ડમાં ડામર કામ કરવા અંગેની દરખાસ્ત, શહેરના વોર્ડ નં.૫ અર્બન હેલ્થ સેન્ટર બનાવવાની દરખાસ્ત, અન્ય વિસ્તારમાં ફૂટપાથ કામ બનાવવા અંગેની વિચારણા, અમૃતમિશન અંતગર્ત વોર્ડ નં.૧૧માં ડી.આઈ.પાઈપ લાઈન નાખવાની દરખાસ્ત, વોર્ડ નં.૯માં ડ્રેનેજ લાઈન નાખવાના કામ અંગેની દરખાસ્ત તેમજ અન્ય વિસ્તારમાં ડી.આઈ.પાઈપ લાઈન નાખવા અંગેની દરખાસ્ત વધુમાં હોસ્પિટલ ચોક ખાતે થ્રી આર્મ ફ્લાય ઓવરબ્રીજ બનાવવાના કામ માટે રીવાઈઝડ ખર્ચ મંજૂર કરવા કમિશનરે દરખાસ્ત કરી છે.

## પતિના ત્રાસથી આત્મહત્યા કરવા નીકળેલી મહિલાનો ૧૮૧ની ટીમે જીવ બચાવ્યો




**મુખ્ય સમાચાર, રાજકોટ**

૧૮૧ મહિલા હેલ્પ લાઇન માં એક જાગૃત નાગરિક દ્વારા ફોન આવેલ કે ગોંડલ તાલુકા વિસ્તારમાં રહેતી એક મહિલાને તેના પતિ મારફૂટ કરતા હોય મહિલા કંટાળી ગયા હોય આથી આત્મહત્યા કરવાની કોશિશ કરે છે.

૧૮૧મહિલા હેલ્પ લાઇન માં કોલ આવતા ની સાથે ગણતરી ની મિનિટ માં ગોંડલ૧૮૧ અભ્યમ મહિલા હેલ્પલાઇનના કાઉન્સિલર મનીષા પરમાર, કોન્સ્ટેબલ માનુબેન, પાઇલટ લક્ષ્મણભાઈ કોડિયતર સહિત નો ઘટના સ્થળે સ્ટાફ દોડી ગયા હતા.અને ઘટનાસ્થળે પહોંચતા જાગૃત નાગરિકે જણાવેલ કે પીડિતાબેનન તેમના ઘરે છે અત્યારે પીડિતા ના ઘરે પહોંચતા જાણવા મળેલ કે બેન ઘરે નથી અને રેલવે સ્ટેશન બાજુ આત્મ હત્યા કરવા જતાં રહ્યાં છે પીડિતા બેનને રેલ્વે સ્ટેશન પર કપડા ઉપરથી શોધી પીડિતાનું કાઉન્સેલિંગ કરી પીડિતાને જીવનનું મૂલ્ય સમજવી આત્મ હત્યાના વિચારો ન કરવા સમજણ આપેલ ત્યારબાદ પીડિત મહિલાનું કાઉન્સેલિંગ કરતા જણાવેલ કે તેમના લગ્ન ને ૧૩ વર્ષ થયા છે હાલ એક ૧૧ વર્ષ નો દીકરો છે પીડિતાના પતિ ૩/૪વર્ષથી અન્ય મહિલા સાથે પ્રેમ સમ્બંધમાં હોય જેની પીડિતાને જાણ થતાં પીડિતા પિયર પણ જતા રહેલ. પરંતુ પીડિતાને સમજાવી ને પંદર દિવસ પહેલા લઈ આવેલ છે.ગઈ કાલે રાત્રે પીડિતા બેન તેમના પતિ ને ફોન માં વાત કરતા જોયા અને પછી પતિએ પીડિતાની સાથે રાત્રે મારફૂટ કરેલ આથી પીડિતા બેન કંટાળીને ઘરેથી નીકળી ગયા હતા પીડિતાને જાતે જ માથામાં પથ્થર પણ માંરેલ અને મરી જવાનો વિચાર કરીને ઘરેથી નીકળી ગયા હતા આથી ૧૮૧ટીમે સમજાવતા પીડિત મહિલા આત્મહત્યા નો વિચાર પડતો મૂકી હોસ્પીટલ સારવાર કરવા સહમત થયા હતા પીડિતા ને સાસરીએ કે પિયર જવું ન હોય આથી હોસ્પીટલ માં સારવાર કરાવી સખી વન સ્ટોપ સેન્ટર માં હાલ આશ્રય અને લાંબા ગાળાના કાઉન્સિલિંગ માટે રિફર કરેલ છે

## કુવાડવા પોલીસે અરજદારોને ફી રૂા.૬૬ લાખના ગુમ થયેલા મોબાઈલ પરત આપ્યા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

કુવાડવા રોડ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ગુમ થયેલા રૂ. ૬૬૦૦૦ની કિમતના ૫ મોબાઈલ શોધીને અરજદારોને કુવાડવા રોડ પોલીસે પરત કર્યા હતા. પોલીસ ઈન્સપેક્ટર વી. આર. રાઠોડના માર્ગદર્શન હેઠળ મોબાઈલ ગુમ અરજીઓના કામે ગુમ થયેલ મોબાઈલો શોધી કાઢવા સારુ ટેકનિકલનું કામ કરતા પોલીસ સ્ટાફના માણસોને જરૂરી માર્ગદર્શન અને સુચના આપી હતી જે આધારે અરજીઓની તપાસ કરી સી.ઈ.આઈ.આર. પોર્ટલની મદદથી કુલ ૫ મોબાઈલ ફોન શોધી કાઢી અરજદારોને પરત સોંપવામાં આવ્યા હતા.

## પાણી નહીં તો મત નહીંઃ અંબિકા ટાઉનશીપના રહેવાસીઓએ બાઈક રેલી યોજી કર્યુ ઉગ્ર પ્રદર્શન



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં દરરોજ ૨૦ મિનિટ પાણી આપવામાં આવતું હોવાના દાવા કરવામાં આવી રહ્યા છે. જોકે, આ દાવાઓ પોકળ સાબિત થતા હોય તેમ આજે પાણી પ્રશ્ને અંબિકા ટાઉનશીપનાં લોકો રસ્તા પર ઉતર્યા હતા. તેમજ બાઈક રેલી યોજી 'પાણી નહીં તો મત નહીં'નાં નારા સાથે ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ તકે પાણી વિતરણમાં ભ્રષ્ટાચાર કરવામાં આવી રહ્યો હોવાના આરોપ પણ સ્થાનિકો દ્વારા લગાવાયા હતા. સાથે જ મતદાનનો બહિષ્કાર કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં દરરોજ ૨૦ મિનિટ પાણી આપવામાં આવતું હોવાના દાવા કરવામાં આવી રહ્યા છે. જોકે, આ દાવાઓ પોકળ સાબિત થતા હોય તેમ આજે પાણી પ્રશ્ને અંબિકા ટાઉનશીપનાં લોકો રસ્તા પર ઉતર્યા હતા. તેમજ બાઈક રેલી યોજી 'પાણી નહીં તો મત નહીં'નાં નારા સાથે ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ તકે પાણી વિતરણમાં ભ્રષ્ટાચાર કરવામાં આવી રહ્યો હોવાના આરોપ પણ સ્થાનિકો દ્વારા લગાવાયા હતા. સાથે જ મતદાનનો બહિષ્કાર કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી.

## "વિકસિત ભારત – વિકસિત ગુજરાત : નારીશક્તિ વંદના" કાર્યક્રમ

### જેતપુર – જામકંડોરણા તાલુકાનો કાર્યક્રમ પોલીસ પરેડ ગ્રાઉન્ડ, ખાતે ધારાસભ્ય જયેશભાઈ રાદડિયાના અધ્યક્ષ સ્થાને યોજાશે



**મુખ્ય સમાચાર, રાજકોટ**

"વિકસિત ભારત - વિકસિત ગુજરાત : નારીશકિત વંદના" રાજયકક્ષાનો કાર્યક્રમ તા.૦૬ માર્ચના રોજ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને પાટણ ખાતે યોજાનાર છે, જેમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી વર્ચ્યુઅલી સંબોધન કરશે. આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ ગુજરાતની દરેક વિધાનસભા બેઠકો ઉપર થવાનું છે ત્યારે રાજકોટ જિલ્લામાં જેતપુર - જામકંડોરણા તાલુકાનો કાર્યક્રમ સવારે ૧૦.૦૦ કલાકે જેતપુર પોલીસ પરેડ ગ્રાઉન્ડ, જુનાગઢ રોડ, જેતપુર ખાતે ધારાસભ્ય જયેશભાઈ રાદડિયાના અધ્યક્ષ સ્થાને યોજાશે.

આ કાર્યક્રમમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના હસ્તે વર્ચ્યુઅલ માધ્યમથી ૧૩ હજારથી વધુ સ્વસહાય જૂથની ૧.૩૦ લાખ મહિલાઓને રૂ.૨૫૦ કરોડની સહાય આપવામાં આવશે. આ કાર્યક્રમમાં બહેનોને પધારવા માટે ૭૪ - જેતપુર જામકંડોરણા તાલુકા વહીવટી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## "નશા મુક્ત ભારત અભિયાન" અંતર્ગત રાજકોટ ખાતે કેપેસિટી બિલ્ડીંગ સેમીનાર યોજાયો

### સશક્ત ભારતના નિર્માણમાં નશા મુકત ભારતની વિભાવના સાર્થક કરવી જરૂરીઃ તજજ્ઞોનો અભિપ્રાય




**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારત સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, નવી દિલ્હી દ્વારા "નશા મુકત ભારત અભિયાન" અંતર્ગત યુનિર્વસિટી રોડ, રાજકોટ ખાતે કેપેસીટી બિલ્ડીંગ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું

આ સેમિનારમાં નશામુક્ત ભારતનું સર્જન કરવા નશાકારક પદાર્થોનો ઉપયોગ અટકાવવા, તેની માંગ ઘટાડવા, શિક્ષણ જાગૃતિ તાલીમ અને પુનઃસ્થાપનના હેતુ વગેરે વિષયક સેશન યોજવામાં આવ્યા હતા. જેમાં વીરનગર સ્થિત નશામુકિત કેન્દ્રના મનોચિકિત્સક ડો.રોકડે જણાવ્યું હતું કે, જે વ્યક્તિ પોતે નશામુક્ત થવા માંગતા હોય તેમના માટે આરોગ્ય વિભાગ

ખૂબ મહત્વનો ભાગ ભજવે છે. આવી વ્યક્તિઓનું સચોટ કાઉન્સિલિંગ કરી તેમને વિવિધ દવાઓના માધ્યમથી નશામુક્ત કરી શકાય છે.

નશામુક્તિ કેન્દ્ર વીરનગરના પ્રોજેક્ટ ડાયરેક્ટર મંગડુભાઈ ધાંધલે પ્રત્યક્ષ અનુભવો અને વિવિધ નશાકારક પદાર્થોની શરીર પરની અસરો વિશે જણાવ્યું હતું તેમજ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દિક્ષિત પટેલે સેમીનારના તાલીમાર્થી શિક્ષકોને વર્ગખંડમાં વિદ્યાર્થીઓને નશા મુકિત વિષે વધુ જ્ઞાન આપી શિક્ષણ સાથે સામાજિક ઘડતર કરવા અને બાળકો દ્વારા પરિવારજનોને પણ નશામુક્ત કરવા માટે ઈમોશનલ થેરાપી વિશે માહિતી આપી હતી.

માનવ અધિકાર અને કાયદા ભવનના પ્રોફેસર રાજુભાઈ દવેએ તેમના વક્તવ્યમાં નશાના કેન્દ્ર બિંદુ પર ફોકસ પાડતા લોકો નશા તરફ શું કામ વળે છે તેમજ નશાના વિષચક્રમાં ફસાયા પછી તેઓની માનસિક, શારીરિક અને આર્થિક હાલત કેવી થતી હોય છે તે અંગે વિવિધ ઉદાહરણો પૂરી પાડી નશાથી આજના યુવા ધનને બચાવવું જરૂરી હોવાનું ભારપૂર્વક જણાવ્યું હતું. દેશની સમૃદ્ધિ અને એકતાને તોડી પાડવા માટે વિદેશી લોકો દેશના યુવાધનને નશાના રવાડે ચડાવે છે ત્યારે એક શિક્ષક તરીકે આપણી ભૂમિકા શું હોવી જોઈએ તે અંગે પણ તેમને ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપ્યું હતું. બ્રહ્માકુમારીના વિધિ દીદીએ બાળકોની પારિવારિક સંભાળ અને ઉછેર તેમજ શ્રી રામકૃષ્ણ મિશન રાજકોટના સ્વામી મેઘાનંદા લલિત મહારાજશ્રીએ ચારિત્ર્ય ઘડતર અને નશા મુક્તિ વિશે વિચારો રજૂ કર્યા હતા.

ડો.મિલન પંડિતે સમગ્ર કાર્યક્રમનું સંચાલન તેમજ નશામુક્ત ભારત અભિયાનની આવશ્યકતા અંગે વિસ્તૃત સમજ પૂરી પાડી હતી. જિલ્લા બાળ સુરક્ષા અધિકારી ડો. અલ્પેશભાઈ ગોસ્વામીએ નશીલા દ્રવ્યોના આદી બાળક સંદર્ભે જુવેનાઇલ જસ્ટિસ એક્ટ- ૨૦૧૫ માં જોગવાઈ અને બાળકોમાં નશાખોરીનું દુષણ અને પુનઃસ્થાપનના કાયદાકીય ઉપાયો અંગે માહિતી પૂરી પાડી હતી.

આ સેમિનારમાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી સંતોષ રાઠોડ, ચાઈલ્ડ વેલફેર કમિટી ચેરમેન પ્રિતેશ પોપટ, નાયબ પ્રાથમિક જિલ્લા શિક્ષણ અધિકારી એ.પી.વાણવી અને વિધાનસભા ૬૯ વિસ્તારની શાળાઓના આચાર્યશ્રીઓ તેમજ શિક્ષકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## લોકસભા સામાન્ય ચૂંટણી – ૨૦૨૪

## મતદાન જાગૃતિ અર્થે "સ્વીપ" કાર્યક્રમ અન્વયે ઉપલેટા વહીવટી તંત્ર દ્વારા હ્યુમન ચેન,બેનર, સૂત્રોચાર, સેલ્ફી પોઈન્ટ, ડીજેના સંગાથે યોજાઈ "મતદાર જાગૃતિ રેલી"



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આગામી લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ અંતર્ગત સંબંધિત તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ચૂંટણીમાં નાગરિકો મહત્તમ મતદાન કરે તે માટે જિલ્લા કલેકટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ મતદાર જાગૃતિ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે, જે અંતર્ગત ૭૫ - ધોરાજી વિધાનસભા મતદાર વિભાગમાં સમાવિષ્ટ ઉપલેટા શહેરી વિસ્તારમાં "મતદાર જાગૃતિ રેલી"નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં "સ્વીપ"(સિસ્ટેમેટિક વોટર્સ એજયુકેશનલ એન્ડ ઇલેક્ટ્રોલ પાર્ટીશિપેશન) પ્રોગ્રામ અન્વયે મતદારોમાં જાગૃતિ લાવવા હેતુ હ્યુમન ચેન, જુદા જુદા જાગૃતિ લાવતા બેનરો સાથે સૂત્રોચાર, સેલ્ફી પોઇન્ટ, ડીજેના સંગાથે મતદાન જાગૃતિ માટેના "સ્વીપ" ના ગીતો વગાડી ભવ્ય રેલીનું આયોજન ઉપલેટા વહીવટીતંત્રની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.આ રેલીમાં મદદનીશ મતદાર નોંધણી અધિકારી અને ઉપલેટા મામલતદારશ્રી એમ. ટી. ધનવાણી, મતદાર નોંધણી અધિકારી અને ઉપલેટા નગરપાલિકા મુખ્ય અધિકારી નીલમબેન ઘેટીયા, ઉપલેટામાં આવેલા તમામ કોલેજના પ્રોફેસર, પ્રાથમિક માધ્યમિકના શિક્ષકો, વેપારી મંડળો, અલગ અલગ સંસ્થાઓ, કોલેજના વિદ્યાર્થીઓ, તાલુકા વહીવટી તંત્રના અધિકારીઓ, કર્મચારીઓ જોડાયા હતા.

## વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીના હસ્તે રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીને અપાયો ગુજરાત સ્ટેટ રોડ સેફ્ટી એવોર્ડ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતના ગૃહ અને વાહન વ્યવહાર વિભાગના રાજય મંત્રી હર્ષ સંઘવીના હસ્તે ગુજરાત સ્ટેટ રોડ સેફ્ટી એવોર્ડ-૨૦૨૩ રાજકોટ જિલ્લાને એનાયત કરવામાં આવ્યો છે. સમગ્ર જિલ્લાના નાગરિકો વતી આ એવોર્ડ જિલ્લા રોડ સેફ્ટી કમિટીના અધ્યક્ષ અને રાજકોટ કલેક્ટર પ્રભવ જોશીએ મંત્રીશ્રી હર્ષ સંઘવીના હસ્તે સ્વીકાર્યો હતો.

પ્રાદેશિક વાહવ્યવહાર કચેરી, રાજકોટ દ્વારા વિવિધ શાળાઓમાં થતી ટ્રાફિક અવેરનેસની કામગીરી અંગે આ એવોર્ડ આપવામાં આવ્યો છે, ટ્રાફિક અવેરનેસ અંતર્ગત વિદ્યાર્થીઓને હેલ્મેટ અને સીટબેલ્ટ પહેરવાથી થતા ફાયદા, ટ્રાફિકના નિયમો અને તેના અનુસરણની વિગતો, ઝીબ્રા ક્રોસીંગ અને તેની વિગતો, ડ્રાઈવિંગ લાયસન્સ વગેરે અંગે જાગૃત કરવામાં આવે છે.આ ઉપરાંત, જિલ્લા રોડ સેફ્ટી કમિટી દ્વારા બ્લેક સ્પોટ અને અકસ્માતોનું પ્રમાણ ઘટાડવાની મહત્વની કામગીરી તથા રોડ એન્જીનીયરીંગ અને સાઈનેજીઝ સહીતની કામગીરી પર પુરતું ધ્યાન આપવામાં આવે છે.

એવોર્ડ સેરેમનીમાં રાજકોટ જિલ્લાના આર.ટી.ઓ અધિકારી કેતન ખપેડ, રોડ સેફ્ટી સભ્ય સચિવ અને જે. વી. શાહ ઉપસ્થિત રહ્યા હતા.

### સ્વર્ગસ્થ પિતા અંનતરાય ગિરજાશંકર મહેતાની સ્મૃતિમાં

## શક્તિ સ્કૂલના સંચાલકો સુદીપ મહેતા અને બ્રિજેશ મહેતા દ્વારા 'અનંત' શિક્ષા અભિયાન થકી નિઃશુલ્ક વિદ્યાદાનનો પ્રેરણાદાયી સંકલ્પ

### આર્થિક જરરરિયાતમંદ તેજસ્વી વિદ્યાર્થીઓને ધોરણ ૧૧–૧૨ સાયન્સ તથા JEE/NEET જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે નિઃશુલ્ક અભ્યાસની સુવિધાઓ પુરી પાડવામાં આવશે




**મુખ્ય સમાચાર, રાજકોટ**


સૌરાષ્ટ્ર અને ગુજરાતના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓમાં લોકચાહના ધરાવતી 'શક્તિ સ્કૂલ'ના સંચાલકો સુદિપભાઈ મહેતા અને બ્રિજેશભાઈ મહેતા દ્વારા તેમના સ્વર્ગસ્થ પિતા અંનતરાય ગિરજાશંકર મહેતાની સ્મૃતિમાં અને તેમના નામથી અનંત શિક્ષા અભિયાન શરૂ કરવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે. જેમાં ધોરણ ૧૧-૧૨ સાયન્સના આર્થિક જરુરિયાતમંદ તેજસ્વી વિદ્યાર્થીઓને શૈક્ષણિક અભ્યાસ ઉપરાંત સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે નિઃશુલ્ક શિક્ષણની સુવિધાઓ પુરી પાડવાનો સમાજ અને શિક્ષણજગત માટે પ્રેરણાદાયી સંકલ્પ કરવામાં આવ્યો છે.

અનંત શિક્ષા અભિયાન અંગે વધુ માહિતી આપતા શકિત સ્કૂલના સંચાલકો સુદિપભાઈ મહેતા અને બ્રિજેશભાઈ મહેતા જણાવે છે કે અમારા સ્વર્ગસ્થ પિતાશ્રીની પ્રેરણા અને વિચારબીજથી શરુ કરવામાં આવેલ પશક્તિ સ્કૂલ આજે વટવૃક્ષ બનીને હજારો વિદ્યાર્થીઓને ઉત્તમ શિક્ષણ આપી શ્રેષ્ઠ કારકિર્દીના ઘડતરમાં અને ચણતરમાં યોગદાન આપવા સક્ષમ બની છે. અમારુ દ્રઢપણે માનવું છે કે શિક્ષણનો અધિકાર દરેક વ્યકિતનો છે. કોઇ આર્થિક રીતે નબળા ઘરમાંથી આવતો વિદ્યાર્થી જો સારૂ શિક્ષણ મેળવે તો તેનુ આખુ ઘર જ નહી પરંતુ આખા કુટુંબનો ઉધ્ધાર થઇ જાય છે. આવા તેજસ્વી વિદ્યાર્થીઓ આર્થિક મુશ્કેલીઓના કારણે સારા શિક્ષણથી વંચિત ન રહે તે માટે અમારા પિતાશ્રીની સ્મૃતિમાં એક 'શિક્ષા યજ્ઞથ' શરૂ કરવા જઇ રહ્યા છીએ. જેમાં ધોરણ ૧૧ - ૧૨ ના વિજ્ઞાન પ્રવાહના તેજસ્વી પરંતુ આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને શિક્ષણ સાથે JEE અને NEET જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓની પણ તૈયારીઓ તદ્દન નિઃશુલ્ક ઉપલબ્ધ કરાવવામાં આવશે. અર્થાત વિદ્યાર્થીઓ પાસેથી એક પણ રૂપિયાની ફી લેવામાં આવશે નહી. આ અભિયાન અંતર્ગત અંગ્રેજી અને ગુજરાતી બંને માધ્યમના વિદ્યાર્થીઓને દર વર્ષે નિઃશુલ્ક શિક્ષણ આપવામાં આવશે અને તેઓના શિક્ષણનો તમામ ખર્ચ પશકિત સ્કુલથના સંચાલકો દ્વારા ઉઠાવવામાં આવશે. અત્રે ઉલ્લેખનિય છે કે શકિત સ્કૂલના સંચાલકો સુદિપભાઈ મહેતા અને બ્રિજેશભાઈ મહેતા લગભગ છેલ્લા ૨૫ વર્ષથી શિક્ષણકાર્ય સાથે સંકળાયેલા છે અને અત્યાર સુધી તેમણે ૧૦,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓને શિક્ષણ આપી શ્રેષ્ઠ કારકિર્દી ઘડતરમાં યોગદાન આપ્યું છે.

અનંત શિક્ષા અભિયાન અંતર્ગત શિક્ષણ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ 'શકિત સ્કુલ', શિવસંગમ સોસાયટી મેઈન રોડ, જલારામ-૨, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે ફોર્મ મેળવવાનું રહેશે તથા ફોર્મમાં માગેલી વિગતો ભરીને પરત કરવાનું રહેશે. સંચાલકો દ્વારા વિગતની ચકાસણી કરીને જે-તે વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ આપવામાં આવશે. એટલે કે ફકત આર્થિક રીતે નબળા અને યોગ્યતા ધરાવતા વિદ્યાર્થીઓને જ આ અભિયાનનો લાભ મળી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. સુદીપભાઈ મહેતા તથા બ્રિજેશભાઇ મહેતાનું માનવુ છે કે આવા વિદ્યાર્થીઓ જયારે સારૂ શિક્ષણ મેળવીને પોતાની શ્રેષ્ઠ કારકિર્દી બનાવશે તો તેઓમાં પણ સમાજનું ત્રઙણ ચુકવવાનો અભિગમ કેળવાશે. તેમજ આ અભિયાનમાંથી પ્રેરણા લઈને આ તેજસ્વી વિદ્યાર્થીઓ અન્ય જરુરીયાતમંદ વિદ્યાર્થીઓને વિદ્યાદાન થકી ઉજ્જવળ ભવિષ્યના ઘડતર માટે નિમિત્ત બનશે તેવુ સંચાલશ્રીઓનું માનવું છે.

# કરોડોના ખર્ચે બનેલી જનાના હોસ્પિટલમાં દર્દીઓ "ભગવાન ભરોસે..."?

## પુરુષ સ્ટાફ ચા અને સીગારેટ પીવા હોસ્પિટલની બહાર ટુલ્લા મારતા હોવાનો આક્ષેપઃ જવાબદાર અધિકારીઓને આ બાબતે જાણ કરાયા છતાં તેઓના આંખ આડા કાન



**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ શહેરમાં સિવિલ હોસ્પિટલ અને જનાના હોસ્પિટલમાં સૌરાષ્ટ્રભરના દર્દીઓ સારવાર લેવા માટે લાખોની સંખ્યામાં આવતા હોય ત્યારે સ્ટાફની બે જવાબદારીનો પણ દર્દીઓ અને તેના સગાને કડવો અનુભવ થતો હોય જેવા ભૂતકાળમાં અનેક કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે. ત્યારે કરોડોના ખર્ચે બનેલી જનાના હોસ્પિટલમાં દર્દીઓ ભગવાન ભરોસે હોય તેઓ કિસ્સો પ્રકાશમાં આવતા ભારે ઓહાપો મચી જવા પામ્યો છે.

ગત સપ્તાહે જ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દવારા કરોડોના ખર્ચે રાજકોટમાં બનેલી જનાના હોસ્પિટલનું ઉદઘાટન કરી રાજકોટ તથા અન્ય જિલ્લામાંથી આવતા દર્દીઓ માટે આ હોસ્પિટલને ખુલ્લી મૂકવામાં આવી છે. ત્યારે આ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓની દેખરેખમાં રહેલા સ્ટાફ દવારા બે જવાબદાર ભર્યું કાર્ય કરતા હોય તેવા આક્ષેપો થઈ રહ્યા છે. જનાના હોસ્પિટલનો પુરુષ સ્ટાફ અવારને અવાર દર્દીઓને ભગવાન ભરોસે છોડી પોતે ચા ની ચુસકી મારવા અને સીગારેટ પીવા નીકળી જઈ અડધો કલાકથી વધુ સમય હોસ્પિટલની બહાર ચા ના થડા પર વિતાવતા હોય તેવી ઘટના સામે આવી છે. આ બાબતે જનાના હોસ્પિટલના જવાબદાર અધિકારીઓનું જાગૃત નાગરિક દવારા ધ્યાન દોરવામાં આવતા આવું કહીં જ બન્યું ન હોય તેમ અધિકારીઓએ આંખ આડા કાન કરી આવા બે જવાબદાર સ્ટાફને છાવરતા હોય તેવો ઘાટ જોવા મળી રહ્યો છે.

# ઉમાવડા ગામ પાસે અજાણ્યા વાહનની ઠોકરે પોલીસમેનનું મોત

## જામનગર ખાતે પ્રી વેડીંગમાં બંદોબસ્ત પૂર્ણ કરી ઘરે જતી વેળાએ કાળ ભેટયો





**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપર પોલીસ મથકના જવાન વિનોદ વિનોદભાઈ હકુભાઈ લાલકિયા(ઉ.વ ૩૯)નું ઉમાવડા ગામ પાસે અજાણ્યા વાહને અડફેટે લેતા મોત નિપજયું હતું. મૃતક પોલીસમેન જામનગર ખાતેથી અનંત અંબાણીના પ્રી-વેડીંગમાં બંદોબસ્તમાથી આવી લગ્ન પ્રસંગે ઉમવડા ગામેથી પરત ફરતા હતા ત્યારે ઘટના બની હતી. બનાવ અંગે ગોંડલ બીડિવિઝન પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી તેની શોધખોળ આદરી છે. વધુમાં મૃતકના ભાઈ સંજયભાઈ ઉર્ફ ચંદુભાઈ લાલકીયાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, પોતે બેટાવડ ગામે રહીને ખેતી કામ કરે છે. ત્યારે તા ૪/૩/૨૦૨૪ ના રાત્રે બાર વાગ્યા આસપાસ તેમના ભાઈ વિનોદની પત્ની શીતલબેનનો તેમના પર ફોન આવેલ અને કહ્યું કે, તમારા ભાઈનું એક્સિડન્ટ થયેલ છે અને તેમને ગોંડલ સરકારી હોસ્પિટલમાં દવાખાને સારવાર અર્થે લઈ જવામાં આવ્યા છે ખબર મળતાંની સાથે મૃતકનો ભાઈ તેમજ તેમના ( સગા હોસ્પિટલે દોડી પોહચ્યાં હતા. જ્યાં ત્યાં તેમને ડોક્ટરે વિનોદભાઈનું અવસાન થયું હોવાનું જણાવ્યું હતું. ઘટનાની જાણ થતાં ગોંડલ સિવિલ હોસ્પિટલમાં પોલીસના અધિકારોઓ અને સહકર્મીઓ દોડી આવ્યા હતા. મૃતક ઉમવાડા ગામેથી લગ્ન પ્રસંગેથી પરત ફરતો ફરતો હતો ત્યારે સુવર્ણભૂમિ રેસીંડન્સી પાસે આ ઘટના બની હતી. પોલીસ જવાન વિનોદભાઈના મોતથી તેમના ૭ વર્ષના પુત્રએ પિતાની છબછયા ગુમાવી હતી. આ દુઃખદ ઘટનાથી બેટાવડ ગામ તેમજ પોલીસ બેડામાં શોકની લાગણી છવાઈ ગઈ છે.

# કમિશનરની ચેમ્બરમાં ક્રાઈમ બ્રાન્ચ પીઆઈએ યુવાનને બેફામ માર માર્યાનો આક્ષેપ

## અરજીના કામે બોલાવ્યા બાદ કમિશનર અને પૂર્વ પત્નીની હાજરીમાં બેફામ માર્યાનો આક્ષેપ કરતો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ





**મુખ્ય સમાચાર, રાજકોટ**

કુવાડવા રોડ પર ડી માર્ટ પાસે ગ્રીન એવન્યુમાં વેપાર કરે રહેતો શ્યામ રાજાણી નામનો યુવક વેપાર કરે છે જ્યારે તેના પિતા હેમંત દામોદર રાજાણી નિવૃત્ત એમ એલ સી ઈન્ચાર્જ છે. ભોગ બનનાર શ્યામ રાજાણીએ જણાવ્યું હતું કે તેની પૂર્વ પત્ની તેના વિરુદ્ધ મહિલા પોલીસ સ્ટેશનમાં અરજી કરી હતી. તો તેણે પણ આ અરજીના જવાબ રૂપે ફોજદારી ફરિયાદ દાખલ કરવા અંગેની અરજી આપી હતી. જે અરજીના કામે તેને પોલીસ કમિશનર કચેરી ખાતે બોલાવવામાં આવ્યો હતો.

પોતે પોલીસ કમિશનર કચેરીએ ગયા બાદ તેને કમિશનરની ચેમ્બરમાં બોલાવાયો હતો અને ત્યાં પહેલેથી તેની પૂર્વ પત્ની બેઠી હતી. થોડીવાર બાદ ચેમ્બરમાં કાઈમ બ્રાન્ચના પીઆઈ ગોંડલીયા પણ ત્યાં આવ્યા હતા અને તેણે પોલીસ કમિશનર રાજુ ભાર્ગવના કહેવાથી ખુરશી પકડાવી ચેમ્બરની અંદર જ કઈ પણ કહ્યા વગર બેરહેમી પૂર્વક માર માર્યો હતો. યુવકે કહ્યું હતું કે ન તો પોલીસ કમિશનર કે, ન તો ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ ગોંડલીયા, કોઈએ તેની વાત સાંભળી ન હતી અને કયા કારણોસર તેને બોલાવ્યો છે અને કયા કારણોસર માર મારવામાં આવ્યો છે. તે પણ તેને જણાવવામાં આવ્યું ન હતું. શ્યામ રાજાણીએ ગોંડલીયાને એમ પણ કહ્યું હતું કે તેણે પગમાં ઓપરેશન કરાવ્યું છે. છતાં પણ કોઈ પણ જાતની રહેમ રાખ્યા વગર લમધારી નાખ્યો હતો અને આ નજારો પોલીસ કમિશનર ભાર્ગવ અને તેની પૂર્વ પત્ની નિહાળી રહ્યા હતા. રાજકોટના ઈતિહાસમાં ખરેખર આવું પહેલું બન્યું હશે કે કમિશનરની હાજરીમાં અરજીના કામે જેના વિરુદ્ધ આક્ષેપ થયા છે તેને પોલીસ કમિશનરની ચેમ્બરમાં માર મારવામાં આવ્યો હશે. આ બાબતે યુવક અને તેના પિતાએ ન્યાયની માંગ કરી છે.

# રાજકોટમાં વિવાદીત તબીબે યુવતીને લગ્નની લાલચ આપી આચર્યું દુષ્કર્મ

## કુવાડવા રોડ પર રહેતો તબીબે યુવતીને ચોટીલા, થાન અને રાજકોટની હોટલોમાં લઈ જઈ સૃષ્ટી વિરુધ્ધનું કૃત્ય ર્ક્યાની મહિલા પોલીસમાં ફરિયાદ

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ શહેરમાં ટીજીબી તરીકે રહેતી યુવતીને લગ્નની લાલચ આપી સામાકાંઠે કુવાડવા રોડ પર ડી માર્ટ પાસે રહેતા વિવાદીત તબીબે દુષ્કર્મ આચરી સૃષ્ટી વિરુધ્ધનું કૃત્ય ર્ક્યાની ફરિયાદ મહિલા પોલીસમાં નોંધાતા પોલીસે તબીબની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ શહેરમાં પેનગેસ્ટ તરીકે રહેતી ૨૫ વર્ષીય યુવતીએ મહિલા પોલીસમાં સામાકાંઠે કુવાડવા રોડ પર ડી-માર્ટની બાજુમાં ગ્રીનએવન્યુ એપાર્ટમેન્ટમાં બીજા માળે રહેતો અને અગાઉ કોરોના કાળ દરમિયાન અનેક વાર વિવાદમાં આવેલો શ્યામ હેમંત રાજાણી નામના ડોક્ટર વિરુધ્ધ મહિલા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે, અગાઉ ચાર વર્ષ પહેલા આ વિવાદીત તબીબે તેની સાથે રજિસ્ટર મેરેજ ર્ક્યા છે. અને તેણીએ વિધીવત રીતે પરિવારની સહમતીથી લગ્ન કરવાની લાલચ આપી આ તબીબે તેને ચોટીલા, થાન અને કુવાડવા રોડ પર આવેલી ટીજીબી હોટલમાં લઈ જઈ તેની મરજી વિરુધ્ધ શરીરસંબંધ બાંધી દુષ્કર્મ આચરતો હોય તથા આ વિકૃત તબીબ તેની સાથે સૃષ્ટી વિરુધ્ધ કૃત્ય પણ કરતો હોય અને યુવતી વિરોધ કરે તો તેને દુઃખ ત્રાસ આપી મારમારતો હોવાની ફરિયાદ મહિલા પોલીસમાં નોંધાવી હતી.

બનાવના પગલે મહિલા પોલીસના પીએસઆઈ એફ.બી.ગગનીયાએ યુવતીની ફરિયાદ નોંધી વિવાદીત તબીબની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

# સેન્ટ્રલ જેલમાં બેભાન થઈ જતા કેદીનું સારવારમાં મોત


**મુખ્ય સમાચાર રાજકોટ**



પોપટપરામાં આવેલ રાજકોટ જિલ્લા જેલમાં રહેલા કેદી હેમંતભાઈ લીલીધરભાઈ પંડયા (ઉ.વ.૭૨)નામના વૃધ્ધ ગઈકાલે રાત્રીના બે વાગ્યે જેલની બેરેકમાં સુતા હતા ત્યારે બેભાન થઈ જતા સારવારમાં સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવતા ફરજ પરના તબીબોએ તેને મૃતક જાહેર ર્ક્યા હતા. બનાવની જાણ પ્ર.નગર પોલીસમાં કરવામાં આવતા પોલીસે પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# જામનગર રોડ પર ઘટેશ્વર પાસેથી પાંચ કિલો ગાંજા સાથે બે શખ્સો ઝડપાયા








**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર વિસ્તારમાં એસઓજી ના નવ નિયુક્ત પીઆઈ જે.એમ. કેલાની રાહબરી હેઠળ એસ.ઓ.જી.ના એ.એસ. આઈ. ધર્મેન્દ્રસિંહ ઝાલા તથા હેડ કોન્સ્ટેબલ ઘનશ્યામસિંહ ચૌહાણની સંયુક્ત બાતમી આધારે જામનગર રોડ ઉપર ઘટેશ્વર ગામના બસ સ્ટેન્ડ આગળ બાપા સિતારામની મઢુલી સામે જાહેર રોડ ઉપર રાજકોટ ખાતેથી રૂ.૫૫૭૨૦ ની કિંમતના ૫ કિલો ૫૭૨ ગ્રામ ગાંજાના જથ્થા સાથે પડધરી ના તરઘડી ગામે રહેતા અને ડ્રાઇવિંગ કામ કરતા અરવિદનાથ જીવણનાથ પરમાર સાથે છૂટક વેપાર કરતા અને મૂળ ઉત્તર પ્રદેશના વતની અને હાલ સુરતના અનુરાગ રો હાઉસ વરેલી મુકેશભાઈ પાટીલના કાનમાં ભાડેથી પલસાણા રહેતા વિરેન્દ્રકુમાર હરીલાલ પાલની ધરપકડ કરી હતી. રાજકોટ શહેરના પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ ચૌધરી ગોહીલ તથા અધિક પોલીસ કમિશ્નર વિધી તથા ડીસીપી ક્રાઈમ ડો.પાર્થરાજસિંહ તથા એસીપી બી. બી. બસીયાની સૂચનાથી એસઓજીના નવનિયુક્ત પીઆઈ જે.એમ.કેલા સાથે એ.એસ.આઈ. ધર્મેશભાઇ ખેર તથા ધર્મેન્દ્રસિંહ ઝાલા તથા હેડ કોન્સ્ટેબલ ઘનશ્યાસિહ ચૌહાણ તથા ઉપેન્દ્રસિંહ ઝાલા તથા રણછોડભાઈ તથા અરૂણભાઈ બાંભણીયા તથા ધર્મેન્દ્રસિંહ ઝાલાએ કામગીરી કરી હતી તેમજ પ્રાથમીક પરીક્ષણ કરી એફ.એસ.એલ. અધિકારી એફ.આઈ.કાદરીએ અભિપ્રાય આપ્યો હતો.

# નંદનવન સોસાયટીમાં વૃધ્ધાનો એસિડ પી આપઘાત

**મુખ્ય સમાચાર રાજકોટ**

મવડી પાસે આવેલ બાપાસીતારામ ચોક નજીક નંદનવન સોસાયટીમાં રહેતી લીલાબેન નરસીભાઈ વડાલીયા (ઉ.વ.૬૦)નામના વૃધ્ધાએ કોઈ અગમ્ય કારણોસર ગઈકાલે સાંજે પોતાના ઘરે એસીડ પી જતા ખાનગી હોસ્પિટલમાં સારવારમાં ખસેડવામાં આવ્યા બાદ વધુ સારવારમાં સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવ્યા બાદ તેનું ચાલુ સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. બનાવ અંગેની જાણ તાલુકા પોલીસ મથકે કરવામાં આવતા પીએસઆઈ પી.એચ.નાઈ સહિતના સ્ટાફે પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# ગોંડલ રોડ પર લોહાનગર પાસે યુવાન પર બે શખ્સોનો ખુની હૂમલો

## સામા પક્ષે યુવાનને ત્રણ શખ્સોએ માર માર્યાની ફરિયાદઃકોર્ટ પાસે મુંજકાના પ્રૌઢને બે મહિલા સહિત ત્રણ શખ્સોએ મારમાર્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના ગોંડલ રોડ પર લોહાનગરમાં ગાળો બોલવાની ના કહેતા બે શખ્સોએ યુવાન પર તલવાર વડે હૂમલો કરી ગંભીર ઈજા કરી હત્યા કરવાની કોશીશ કરતા એ-ડિવિઝન પોલીસમાં સામ સામે ફરિયાદ નોંધાય છે.


આ અંગેની માહિતી મુજબ રામનાથપરામાં રહેતો અને પેટ્રોલ પંપમાં નોકરી કરતો ઈરફાન અફઝલ મીર્ઝા નામનો યુવાન ગઈકાલે લોહાનગરમાં ગોંડલ રોડ પર સમા ગેરેજ પાસે હતો ત્યારે દિનેશ અને તેનો ભત્રીજો ગાળો બોલતો હોય જેથી યુવાને ના કહેતા ઉશ્કેરાયેલા દિનેશ અને તેના ભત્રીજાએ છરી અને તલવાર વડે હૂમલો કરી યુવાનને માથામાં ગંભીર ઈજા કરી હતી. જ્યારે સામા પક્ષે દિનેશે પરશોતમ ચુડાસમાએ વડતી ફરિયાદ નોંધાવી છે કે ગઈકાલે તે લોહાનગર મફતિયાપરામાં તેના ભત્રીજા સંદિપ સાથે મક્કમ ચોક બ્રિજ પાસે આવે બોમ્બે બોયઝ હેર સલુનમાં વાળ કપાવવા ગયો હતો ત્યારે ગેરેજવાળા સિકંદર સાથે પૈસાની લેતીંદેતી બાબતે ઝગડો થતા રફીક હબીબ મોગલ અને ત્રણ અજાણ્યા શખ્સોએ તેના પર ધોકા અને પાઈપ વડે હૂમલો કરી વાહનોમાં તોડફોડ કરી નુક્સાન ર્ક્યાની ફરિયાદ એ ડિવિઝન પોલીસમાં નોંધાવી છે.

બનાવના પગલે એ ડિવિઝન પોલીસ મથકના પીઆઈ આર.જી.બારોટ હેડ કોન્સ.ધર્મેશભાઈ પરમાર સહિતના સ્ટાફે હત્યાની કોશીશ અને મારામારીની સામસામે ફરિયાદ નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

જ્યારે એક બનાવમાં ગુજરાત હાઉસિંગ બોર્ડ ડો.શ્યામપ્રસાદ મુખર્જીનગર મુંજકા ગામે રહેતો કિશોર હસમુખભાઈ વાઘેલા નામનો યુવાન ગઈકાલે જુની કોર્ટ પાસે ચામુંડા રેસ્ટોરન્ટ સામે તેના મિત્ર યોગેશ મનસુખભાઈ રૂડક્યિા સાથે ઉભો હતો ત્યારે હનીફ કુરફે હકો યુશુક ચૌહાણ, કુલસન ઉર્ફે કુલી મજીદ અને તેની દીકરી યાસમીન મજીદએ અગાઉ થયેલ ઝગડાનો ખાર રાખી મારમારતા અને મારી નાખવાની ધમકી આપતા એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

# સોમનાથ સોસાયટીમાં સાત વર્ષની બાળા ભુલથી ઝેરી દવા પી લેતા મોત

## પતિ ઠપકો આપશે તેવી બીકે માતાએ પણ ઝેરી દવા પી લેતા સારવારમાં ખસેડાઈ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના કોઠારીયા મેઈન રોડ પર રણુજા મંદિરની પાછળના ભાગે આવેલી સોમનાથ સોસાયટીમાં રહેતી એક મહિલાએ ફૂલ છોડમાં છાંટવા માટે ઝેરી દવા લીધી હતી આ દવા તેણે એક સીરપની ખાલી બોટલમાં ભરી હતી. આજરોજ સવારના સમયે મહિલાની સાત વર્ષની પુત્રી પરમાં રમતી હોય અને તેણે રમતા રમતા આ બોટલમાં રહેલી ઝેરી દવા ભૂલથી પી લીધી હતી. જેના કારણે તે ત્યાં થોડીવાર બાદ ભેભાન થઈ ગઈ હતી. પાછળથી પતિ કઈક કહેશે તેવા ડરથી માતાએ પણ દવા પી લીધી હતી. જેથી બંનેને સારવાર અર્થે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ચાલુ સારવાર દરમિયાન સાત વર્ષની બાળકીનું મોત નિપજ્યું હતું જ્યારે માતાની હાલત સ્થિર હોવાનું ડોક્ટરોએ જણાવ્યું હતું.

આ અંગેની માહિતી મુજબ આજે સવારે સુધાબેન મુકેશભાઈ રાજ્યગુર (ઉ.વ.૩૨, રહે. સોમનાથ સોસાયટી-૭, કોઠારીયા રોડ) અને તેમની દીકરી ખુશી (ઉ.વ.૭)ને ઝેરી અસર થતા સારવારમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. દરમિયાન સુધાની સાથે આવેલ મહિલાઓએ જણાવેલ કે, વહેલી સવારે સાડા પાંચેક વાગ્યે ઝેરી અસર થઈ હતી.


અહીંથી સિવિલ હોસ્પિટલ ચોકીના રામશીભાઈ વરૂ અને ભાવેશભાઈ મકવાણાએ આજીડેમ પોલીસને જાણ કરતા આજી ડેમ પોલીસનો સ્ટાફ દોડી આવેલો. પ્રાથમિક પૂછપરછમાં સુધાબેનના માસી સહિતના સગાએ જણાવેલ કે, સુધાબેનના પ્રથમ લગ્નમાં છૂટાછેડા થયા હતા. પછી દસેક વર્ષ પહેલા ગુંદાવાડીના મુકેશભાઈ રાજ્યગુરૂ સાથે મૈત્રી કરાર ર્ક્યા હતો. મુકેશભાઈના પ્રથમ પત્ની હયાત છે. તેથી મુકેશ પત્ની સાથે રહે છે. દરમિયાન મુકેશ અને સુધાબેન પતિ-પત્નીની જેમ જ રહેતા હોય તેની પરે દીકરી ખુશીનો જન્મ થયેલો. ખુશી હાલમાં ૭ વર્ષની થઈ ગઈ હતી. સવારે સુધાબેનને તેના પતિ મુકેશભાઈ - સાથે ફોનમાં ચડભડ થતાં દવા પી લીધી હતી. જોકે પોલીસે હકીકત જાણવા ચકો ગતિમાન ર્ક્યા હતા.

આ તરફ સવારે જ મુકેશને જાણ થતાં પોતાના પરેથી સોમનાથ - સોસાયટીમાં સુધાના ઘરે દોડી આવેલ. તેણે ખુશીને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરી હતી. ખુશીની તબિયત લથડતા સિવિલ હોસ્પિટલમાં કે. ટી. ચિલ્ડ્રન હોસ્પિટલમાં રીફર કરવામાં આવી હતી. અહીં ખુશીએ દમ તોડી દેતા આજીડેમ પોલીસના પીએસઆઈ એચ. જે. સોલંકી અને, હેડ કોન્સ્ટેબલ શૈલેપપરી ગોસ્વામી દોડી ગયા હતા ખુશીનો મૃતદેહ પીએમ માટે ખસેડયો હતો મુકેશની પૂછપરછ કરતા જાણવા મળેલ કે, અગાઉ કેવડાવાડીમાં સાથે નોકરી સુધા સાથે આંખ મળતા મૈત્રી કરાર ર્ક્યા હતાં.

હાલ મુકેશને ગુંદાવાડીમાં હોઝીયરી કટલેરીની દુકાન છે. પત્નીથી બે સંતાન છે. જ્યારે સુધા થકી દીકરી ખુશી હતી. તેણીને ઝેરી દવાની અસર કેવી રીતે થઈ તે મને ખબર નથી. જોકે બપોરે સુધા ભાનમાં આવી હતી. તેણે નિવેદન આપેલ છે કે, સવારે ઘરમાં ખુશી સિરપને ભદલે ઝાડવામાં છાંટવાની દવા ભુલથી પી ગઈ હતી. હવે મુકેશ ઠપકો આપશે તેવો ભય લાગતાં સુધાએ પણ દવા પી લીધી હતી. જુદા જુદા નિવેદનો વચ્ચે વહેલી સવારે પાંચ વાગ્યે ખરેખર શું બન્યું હતું? તે જાણવા પોલીસ તપાસ કરી રહી છે.

# ધંધામાં ખોટ જતા ધોરાજીના ચીચોડ ગામે દંપતીએ ઝેર પી લીધુ





**મુખ્ય સમાચાર, ધોરાજી**

ધોરાજી તાલુકાના પાટણવાવ નજીક આવેલા ચિચોડ ગામમાં આર્થિક ભીંસ અને કરજ વધી જતા વિપ્ર દંપતીએ ઝેર પી લેતા તેઓને પ્રથમ ધોરાજી ત્યારબાદ વધુ સારવાર માટે જુનાગઢ રીફર કરવામાં આવ્યા હતા. બ્રાહ્મણ પરિવારના અભય ભટ્ટ અને તેના પત્ની ભાવિની .ભટ્ટ બંનેએ આર્થિક સંકડામણને કારણે ઝેરી દવા પી આપઘાત કરવાનો પ્રયાસ ર્ક્યો હતો.આ મામલે ઝેરી દવા પીનાર વિપ્ર યુવાન અભય ભટ્ટે જણાવેલ કે છેલ્લા દસેક વર્ષથી અમદાવાદ ખાતે તેમને ધંધામાં ખાસી એવી નુકસાની જવા પામી હતી અને વ્યાજે પૈસા પણ લીધેલા હતા તેમના પર કરજો વધી ગયો હતો જેથી અમદાવાદ છોડી પરિવાર સહિત તેઓ પોતાના વતન ચિચોડ ગામ ખાતે આવીને થોડા સમયથી વસવાટ ર્ક્યો છે અને આસપાસના ગામમાં કર્મકાંડ કરી ચલાવતા હતા. પરંતુ તેમનું આર્થિક સંકટ માથા પર કરજો પણ હતો અને આર્થિક ભીંસસતત હોવાથી દંપત્તિએ જીવન ટૂંકાવવાનો નિર્ણય ર્ક્યો અને ઝેરી દવા પીધી હોવાનું જણાવ્યું છે.

# શીતળાધારે દવાખાનું ખોલી લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતો મુન્નાભાઈ MBBS ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શીતળાધારમાં એક ઉત્તર પ્રદેશના શખ્સે ક્લિનિક ખોલ્યું હોય અને તે બોગસ ડિગ્રી ધરાવતો હોવાની બાતમી પરથી આજીડેમ પોલીસે દરોડો પાડી આ મુન્નાભાઈ એમબીબીએસ ને ઝડપી લીધો હતો પૂછપરછમાં ઝડપાયેલ મુન્નાભાઈએ ધોરણ ૧૨ સુધી જ અભ્યાસ કરેલો છે

આ અંગેની માહિતી મુજબ આજીડેમ પોલીસ મથકના પીઆઈ એ.બી.જાડેજાની રાહબરીમાં એએસઆઈ યશવંતભાઈ ભગત હેડ કોન્સ્ટેબલ કુણાલસિંહ ઝાલા અને કોન્સ્ટેબલ વીરેન્દ્રસિંહ જાડેજાને શીતળાધાર ૨૫ વારીયામાં જનતા પ્રાથમિક ચીકીત્સા સેવા નામના બોર્ડ વાળુ કલીનીકમાં ડીગ્રી વગરનો શખ્સ લોકોના આરોગ્ય સાથે ચેડા કરે છે. તેવી બાતમી મળતાં સ્ટાફે દરોડો પાડી દુકાનમાં ગળામાં સ્ટેથોસ્કોપ લટકાડી બેઠેલ શખ્સને તેનું નામ પૂછતાં મોહમદ રમીઝખાન મુનીરખાન (ઉ.વ.૨૪), (રહે. રોલેક્ષ રોડ ગંગાસાગર બોરવેલ વાળી શેરી, શીવગેર ના કારખાના ઉપર, મુળ રહે. લોનાવા દરગાહ, ખરગોપુર ઉત્તરપ્રદેશ) હોવાનુ જણાવેલ હતું. તેમની પાસે મેડિકલ ડીગ્રી અંગે તપાસ કરતાં આરોપી પાસે કોઈ પણ જાતની મેડીકલ પ્રેકટીશના ડીગ્રી સર્ટીફીકેટ ન હોય જેથી કે આરોપીની ધરપકડ કરી અલગ અલગ કંપનીની દવા અને મેડિકલ સાધનો મળી રૂ.૧૬૪૮૧ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

આરોપીની પૂછપરછમાં તે પોતાના મૂળ વતન ઉત્તરપ્રદેશથી બે મહિના પહેલાં રાજકોટ આવ્યો હતો અને ૧૫ દિવસ પહેલાં જ દવાખાનું ચાલું કરી લોકોના આરોગ્ય સાથે ચેડા કરી અલગ અલગ ફી વસુલતો હતો. ઉપરાંત આરોપીએ હરિયાણામાં કોમ્યુનિટી સર્વિસનો કોર્ષ ર્ક્યાનું પણ સામે આવ્યું હતું.

# દવાખાનાના ખર્ચ માટે યુવાને રૂા.30 હજાર વ્યાજે લીધાઃ વ્યાજખોરોને રૂા.૪.૩૨ લાખ પડાવ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોઠારીયામાં આશીર્વાદ સોસાયટીમાં શેરી નં.૧ માં રહેતાં કલ્પેશભાઈ વદાભભાઈ ડાવરા (ઉ.વ.૩૫) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે સંજય ગઢવી (રહે. ભારતીનગર સહકાર રોડ), મયુર ગઢવી અને પંકજ ઢોલરીયાનું નામ આપતાં આજીડેમ પોલીસે મનીલેન્ડ એક્ટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં કરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ ગોંડલના વેજા ગામે આવેલ જમીનમાં ખેતી કામ કરે છે. ત્રણેક વર્ષ પહેલા ૨૦૨૧ ના માર્ચ મહીનામાં દવાખાનાના કામે વધારે પૈસા ખર્ચ થયેલ હોય અને બીજા પૈસાની જરૂર હોય જેથી નાનનપણમાં સાથે ભણતા મિત્ર સંજય ગઢવી પાસેથી રૂ. ૩૦ હજાર એક અઠવાડીયાનું દસ ટકા વ્યાજ લેખે એક મહીનાના ચાલીસ ટકા વ્યાજ લેખે લીધેલ હતાં. તેઓ દર અઠવાડીયે રૂ.૩ હજાર વ્યાજ ચુકવતાં અને ક્યારેક પૈસાનો મેળ ન થતા મહીનાના રૂ.૧૨ હજાર ના વ્યાજ ઉપર પેનલ્ટી લગાડી તે મહીને રૂ.૨૦ હજાર વ્યાજ આરોપી લેતો હતો. અત્યાર સુધી વ્યાજખોરને તેઓએ રૂ.૪.૩૨ લાખ વ્યાજ પેટે ચુકવેલ છે, જે બાદ છેલ્લા દોઢેક વર્ષથી સંજય ગઢવી સાથે મયુર ગઢવી અને પંકજ ઢોલરીયા આવતા હતા અને ત્રણેય અવાર-નવાર જ્યારે પૈસા આપવાનો સમય થાય અને પૈસાની વ્યવસ્થા થયેલ ન હોય ત્યારે પઠાણી ઉપરાણી કરી ધાક-ધમકીઓ આપતા અને સંજય ગઢવી મેસેજ મોકલી ગાળાગાળી કરતો હતો. ગઈ તા.૨૨/૦૨ ના સાંજના પરીવાર સાથે ઘરે હાજર હતા ત્યારે ત્રણેય શખ્સો ઘરે પૈસાની ઉઘરાણી કરવા આવી ભેફામ ગાળો આપી મારી પૈસાની પઠાણી ઉઘરાણી કરેલ જેથી તેમને જેટલા પૈસા લીધેલ છે તેના અનેક ગણા ચુકવી આપેલ છે. તેમ કહેતાં ત્રણેય શખ્સોએ કહેલ કે, બીજા રૂ.૧.૬૦ લાખ તારે દેવા જ પડશે કહીં ફડાકા ઝીંકી મારકુટ કરેલ અને તેઓની પાસેથી ભળજબરી પુર્વક સહી વાળા બે કોરા ચેક લઈ નાસી છૂટયા હતાં. બાદમાં ત્રણેય શખ્સો વિરૂદ્ધ ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી આજીડેમ પોલીસે ત્રણ શખ્સો સામે ગુનો નોંધી પીએસઆઈ એ.જે.પરમાર અને સ્ટાફે વધું તપાસ હાથ ધરી હતી.